ॐ
''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૪૧ | ૧ જૂન ૨૦૧૮ | પાના-૧૬ | લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## શ્રી સદ્ગુરુપ્રસાદ

ભાઈ, આટલું તારે અવશ્ય કરવા જેવું છે :-

૧. દેહમાં વિચાર કરનાર બેઠો છે તે દેહથી ભિન્ન છે? તે સુખી છે કે દુ:ખી? એ સંભારી લે.

૨. દુ:ખ લાગશે જ, અને દુ:ખનાં કારણો પણ તને દ્રષ્ટિગોચર થશે, તેમ છતાં કદાપિ ન થાય તો મારા કોઈ ભાગને વાંચી જા, એટલે સિદ્ધ થશે. તે ટાળવા માટે જે ઉપાય છે તે એટલો જ કે તેથી બાહ્યાભ્યંતરરહિત થવું.

૩. રહિત થવાય છે, ઓર દશા અનુભવાય છે એ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.

૪. તે સાધન માટે સર્વસંગપરિત્યાગી થવાની આવશ્યકતા છે. નિર્ગ્રંથ સદ્ગુરુના ચરણમાં જઈને પડવુ યોગ્ય છે.

૫. જેવા ભાવથી પડાય તેવા ભાવથી સર્વકાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે. જો તને પૂર્વકર્મ બળવાન લાગતાં હોય તો અત્યાગી, દેશત્યાગી રહીને પણ તે વસ્તુને વિસારીશ નહીં.

૬. પ્રથમ ગમે તેમ કરી તું તારું જીવન જાણ. જાણવું શા માટે કે ભવિષ્યસમાધિ થવા. અત્યારે અપ્રમાદી થવું.

૭. તે આયુષ્યનો માનસિક આત્મોપયોગ તો નિર્વેદમાં રાખ.

૮. જીવન બહુ ટૂંકું છે, ઉપાધિ બહુ છે, અને ત્યાગ થઈ શકે તેમ નથી તો, નીચેની વાત પુનઃ પુનઃ લક્ષમાં રાખ.

૧. જિજ્ઞાસા તે વસ્તુની રાખવી.

૨. સંસારને બંધન માનવું.

૩. પૂર્વ કર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો. તેમ છતાં પૂર્વ કર્મ નડે તો શોક કરવો નહીં.

૪. દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

૫. ન ચાલે તો પ્રતિશ્રોતી થા.

૬. જેમાંથી જેટલું થાય તેટલું કર.

૭. પારિણામિક વિચારવાળો થા.

૮. અનુત્તરવાસી થઈને વર્ત.

૯. છેવટનું સમયે સમયે ચૂકીશ નહીં. એ જ ભલામણ અને એ જ ધર્મ.

**(પત્રાંક-૮૪), વિ.સં. ૧૯૪૬**

સમજીને અલ્પભાષી થનારને પશ્ચાતાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે.

હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી.

પૂર્વનાં અશુભ કર્મ ઉદય આવ્યે વેદતાં જો શોચ કરો છો તો હવે એ પણ ધ્યાન રાખો કે નવાં બાંધતાં પરિણામે તેવાં તો બંધાતાં નથી?

આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.

જેટલા પોતાની પુદ્ગલિક મોટાઈ ઈચ્છે છે તેટલા હલકા સંભવે.

પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો; ગુણચિંતન કરો.

**(પત્રાંક-૮૫), મુંબઈ, વિ.સં. ૧૯૪૬**
**શ્રીમદ્ રાજચંદ્ર**

## ગાવો વિશ્વસ્ય માતરઃ

# ખરા વાંચનવીર

'બાપા, તમને આમાં મઝો નહીં આવે, આ તો સાહીત્યકારોનો મેળાવડો છે.' સ્વયંસેવક બોલ્યો.

મહુવામાં ગુજરાતના સાહીત્યકારોનો ત્રણ દીવસનો મેળો હતો તે સાહીત્યરસીકો માટે જ હતો. એમાં મેલખાઉં લાંબી ચાળનું પહેરણ ને કાઠીયાવાડી ચોરણી ઠઠારીને આવેલા, ખીચડીયા વાળ અને ધોળી મુછવાળા ગામડીયા કણબીનું કામ નહીં. પણ આવનાર ગામડીયા જણે જવાબ વાળ્યો : 'અરે, મારા વાલા, સાહીત્ય માટે જ આવ્યો છું. નકર આંયા કોની પાંહે ટાઈમ છે? મારે તો મા સરસ્વતીના છોરું પાંહેથી બે વેણ સાંભળવા છે.' જુનાગઢ જીલ્લાના ઉના ગામને અડીને આવેલા અને માત્ર પાંચસો માથાની વસતીવાળા આંબાવડ ગામના છપ્પન વરસના, માંડ બે ચોપડી ભણેલા ઉકાભાઈ હરીભાઈ વઘાસીયા માટે જાકારાનો આવો અનુભવ પહેલો નથી. ૨૯ વરસ પહેલા સ્વાધ્યાય પરીવાર દ્વારા જુનાગઢમાં સ્નાતક સંમેલન ભરાયેલું એ વખતે ઉકાભાઈ ગયા ત્યારે પ્રવેશદ્વારે પાસે ઉભેલા સ્વયંસેવક કહ્યું: 'આ તો ગ્રેજ્યુએટ માટે છે ભાઈ, આંઈ તમે નો હાલો.'

સાંભળીને તરત ઉકાભાઈએ સામો સવાલ પૂછ્યો: 'ગ્રેજ્યુએટ એટલે કેટલી ચોપડી ભણવી પડે, ભાઈ ?'

સ્વયંસેવકે જવાબ આપ્યો: 'ટોટલ પંદર ચોપડી.' એના અનુસંધાનમાં ઉકાભાઈ બોલે એ પહેલાં એક મીત્ર બોલી ઉઠ્યા હતા: 'દોસ્ત, આમણે પંદર નહીં, પંદરસો ચોપડી વાંચી છે. આ તો આપણો સાચો ગ્રેજ્યુએટ છે.'

મીત્ર ભલે અટકળે પંદરસો ચોપડી બોલ્યા હોય, પણ ઘરનાં કબાટોમાં કમસેકમ પાંચ હજાર પુસ્તકો હશે અને આ પુસ્તકો પાછા કોઈ સામાન્ય કોટીનાં નહી, લોકસાહીત્યના આદીગ્રંથ 'પ્રવીણ સાગર', 'ભૃગુસંહીતા'થી માંડીને ગુજરાતી સાહીત્યની ક્લાસીક ગણાય તેવી નવલકથાઓ, વાર્તાસંગ્રહો, લલીત નીબંધસંગ્રહો અને એવાં જ ઉત્કૃષ્ટ તેવાં સાહીત્યના પુસ્તકો છે. આવાં પુસ્તકોનું સતત વાંચન-સેવન આ ખેતીવાડીમાં રચ્યાપચ્યા ઉકાભાઈ કરે છે.

માના પેટમાં હતા ત્યાં જ પીતા ગુમાવી બેઠેલા ઉકાભાઈ કાકા મોહનભાઈના આશરે મોટા થયા. આવા શ્રમજીવી પરીવારના ખોરડામાં ચોપડીના નામે પસ્તી પણ ન હોય. પણ પીતા નીશાળમાં ભણતા એ વખતની એક ગુજરાતી ચોપડી ઉકાભાઈને હાથ ચડી ગઈ. તે વાંચી નાખી. મજા પડી. પછી તો જ્યાંથી જે પુસ્તક હાથ આવે તે વાંચતા મંડ્યા. પ્રેમાળ કાકાને ખબર પડી એટલે એ જ્યારે ઉના કે જુનાગઢ હટાણે જાય ત્યારે નાની નાની બાળકથાઓની ચોપડીઓ ઝોળીમાં નાખતા આવે. એમાં બાળક ઉકાને વાંચવાનું વ્યસન પડી ગયું. રાતે બા 'પુરાણ'ની 'રામાયણ'ની 'મહાભારત'ની નાની મોટી વાર્તા કરે. ત્રણ ચોપડી ભણીને ખેતીના કામમાં જોતરાવાનો વારો આવ્યો. પછી નવરાશ મળતી બંધ થઈ. એટલે ઉકાભાઈ ખેતરે કામે જાય ત્યારે ફાળીયામાં એકાદી ચોપડી સંતાડીને લઈ જાય. મીનીટ-બે મીનીટનો સમય મળે ત્યારે વાંચવા બેસી જાય. રાતે ઘરે આવે ત્યારે વાળુ કરીને પરસાળની થાંભલીને ફાનસ ટીંગાડી વાંચવા બેસી જાય. તે ઠેઠ ઝોકાં આવવા માંડે ત્યાં લગી વાંચતા રહે. વય વધવાની સાથોસાથ ઉકાભાઈના વાચનની રેન્જ વધી. પહેલાં 'ઝગમગ', 'બાલસંદેશ', 'રમકડું' જેવાં મેગેઝીન વાંચતા, પછી 'કુમાર', 'અખંડ આનંદ' વાંચતા થયા. તે પછી પુસ્તકો ખરીદતા થયા. પૈસાની છત નહીં, પણ જેમ લુગડાં માટે પૈસા ગમે ત્યાંથી કાઢવા પડે તેમ ચોપડાં માંટેય કાઢવા જોઈએ. તેમ માનતા ઉકાભાઈ ગમે ત્યાથી વેત કરીને પુસ્તકો વસાવવા માંડ્યા અને વાંચવા માંડ્યા. **- મહેન્દ્ર મેઘાણી, સૌ. નયા માર્ગ**

**(લેખ ઉંઝા જોડણીમાં છે.)**

## આ અંકમાં


| | | પાના નં. |
|---|---|---|
| શ્રી સદ્‌ગુરુપ્રસાદ | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| ખરા વાંચનવીર | મહેન્દ્ર મેઘાણી | ૨ |
| સંપાદકીય-પ્લાસ્ટિકની થેલીઓ | શાંતિલાલ ગડા | ૩ |
| સોક્રેટીસની વાણી | રમેશભાઈ દોશી | ૪ |
| શ્રીમદ્ રાજચંદ્ર | ઉર્વીશ કોઠારી | ૫ |
| કચરામાં છુપાયેલું છે. | કુલભૂષણ ઉપમન્યુ | ૬ |
| મોક્ષકાષ્ઠ | અજીત પોપટ | ૭ |
| શિસ્તપાલન | જગદીશ બારોટ | ૮ |
| કદર કરવાની રીત | મનસુખ સલ્લા | ૯ |
| ઉરુગ્વે | રમેશભાઈ દોશી | ૯ |
| હિવરે બજાર | મંજુ સાવલા | ૧૦ |
| બલરાજ સાહની | ... | ૧૧ |
| આધુનિક ખેતી | કમલ ખીમાણી | ૧૧ |
| યમરાજનો ન્યાય | કુમારપાળ દેસાઈ | ૧૨ |
| જર્મનીનો બાળવ્યવહાર | હેમાંગિની ત્રિવેદી | ૧૩ |
| ખિસકોલી | શાંતિલાલ ગડા | ૧૩ |
| રચનાત્મક ગૌસેવા | યોગેશભાઈ માણેક | ૧૪ |
| જસ્ટ એક મિનિટ | રાજુ અંધારિયા | ૧૪ |
| ડોંગરે મહારાજ (સત્ય ઘટના) | શાંતિલાલ ગડા | ૧૬ |

# સંપાદકીય - પ્લાસ્ટિકની થેલીઓ

આપણા રેલ્વે સ્ટેશનો, બસ સ્ટેશનો, રસ્તાઓ દરિયા કિનારા, પર્યટન સ્થળો, જેવા તમામ જાહેર સ્થળો કચરાથી ઉભરાય છે પછી તે ચાના ખાલી કપ હોય, પાણીની ખાલી બોટલ, નાસ્તો ખાઈ લીધા પછીની પેપર પ્લેટ, કે ફળની છાલ, ચોકલેટનું રેપર, વેફર્સ જેવા નાસ્તાની ખાલી થેલી કે દૂધનું ખાલી પાઉચ.

આ માટે મહદ અંશે આપણી માનસિકતા જવાબદાર છે. આપણે આપણા ઘર સિવાયના તમામ સ્થળોને એક વિશાળ કચરા ટોપલી માની બેઠા છીએ જ્યાં આપણને ક્યારે પણ કોઈ પણ પ્રકારનો કચરો નાંખવાનો હક છે એમ માની બેઠા છીએ.

હમણાં જ મહારાષ્ટ્ર સરકારે પ્લાસ્ટિક બંધીનો નિર્ણય લીધો છે તે સાચી દિશા તરફનું પગલું છે, પરન્તુ જ્યાં સુધી જનતાનો સ્વૈચ્છિક સહકાર ન મળે ત્યાં સુધી ફક્ત કાયદાથી કોઈ કાર્ય સંપૂર્ણ સફળ નથી થતું.

પ્લાસ્ટિકના કચરાથી જે હાલત પર્યાવરણની થઈ છે તેને અટકાવવા પર્યાવરણ સંબંધી 3 R નો સિધ્ધાંત સમજવા જેવો છે. 3 R એટલે **$R_1$, $R_2$ and $R_3$,**

**$R_1$ = Reduce, $R_2$ = Reuse, $R_3$ = Recycle**

**R -1 :** Reduce : એટલે કોઈ પણ પ્લાસ્ટિકની ચીજનો વપરાશ બને એટલો ઓછો કરી નાંખવો.

**R -2 :** Reuse : એ ઓછા વપરાશ બાદ પ્રાપ્ત વસ્તુનો એકથી વધુવાર વપરાશ કરવો, તે વસ્તુ ઘસાઈ ન જાય કે વપરાશને લાયક ન રહે ત્યાં સુધી ફરી ફરી વાપરવી.

**R -3 :** Recycle : આ સૌથી મહત્વનો તબક્કો છે જેમાં જે વસ્તુ વારંવાર Reuse થયા બાદ ઘસાઈ જાય, ફાટી જાય, Reuse માટે નકામી બની જાય ત્યારે તેને જ્યા ત્યાં ન ફેકતા, તેને એક ચોક્કસ સ્થળે સંગ્રહ કરવો અને આવી વસ્તુઓનો વેચી શકાય તેટલો જથ્થો બને ત્યારે તેને જે વ્યક્તિ Recycleના વ્યવસાયમાં જોડાયેલી હોય તેને સુપરત કરવી.

**દા.ત.** ગૃહિણી શાકભાજી લેવા ઘરેથી નીચે ઉતરે ત્યારે સાથે કપડાની થેલી લઈ જવી જોઈએ જેથી પર્યાવરણનો પહેલો સિધ્ધાંત- R-1 - Reduce નું પાલન થઈ શકે.

વળી ક્યારેક ન છૂટકે, ઓચિંતુ શાક કે ફળ લેવાનું આવે તો એક જ પ્લાસ્ટિક થેલીમાં લઈ, તે થેલી ધોઈને, તેનો જ ફરી ફરી ઉપયોગ વસ્તુઓની આપ-લેમાં કરી શકાય. આ થયું $R_2$ = Reuse નું પાલન

અને જ્યારે પ્લાસ્ટિકની થેલીઓના હેન્ડલ ફાટી જાય કે થેલીઓમાં કાણા પડી જાય અને વપરાશને લાયક ન રહે ત્યારે આવી થેલીઓ ઘરમાં એક ઠેકાણે એકઠી કરી, રસ્તામાંથી જે બહેનો પ્લાસ્ટિક વીણતી હોય તેમને આપી શકાય. આ થયું Recycle

હવે આપણે પાછા પ્લાસ્ટિકના કચરા તરફ વળીએ, જેમાં આજે ફક્ત પ્લાસ્ટિકની થેલીઓ વિશે વિગતે ચર્ચા કરશું. પ્લાસ્ટિકની થેલીઓ, જેને ગુજરાતમાં ઝબલુ પણ કહેવાય છે, આપણા રોજબરોજના જીવનનો એક હિસ્સો બની ચૂક્યુ છે. ગૃહિણીઓ શાકભાજી લેવા, ફળફળાદિ લેવા, કરિયાણું લેવા તેમ જ બીજી કેટલીય વસ્તુઓની આપ લે કરવા બહુ છૂટથી તેનો વપરાશ કરે છે આ થેલીઓનો અમાર્યદિત ઉપયોગ અને બેજવાબદાર રીતે તેને કચરામાં નાંખવામાં આવતી હોવાથી ઘણા પ્રશ્નો નિર્માણ થાય છે.

જ્યારે ગૃહિણી શાકભાજીના છોતરા, ફળની છાલો વગેરે પ્લાસ્ટિકની થેલીમાં નાંખી કચરાપેટીમાં નાંખે છે ત્યારે ઘણા પ્રશ્નો ઉભા થાય છે, દા.ત. કચરા ટોપલીમાં ખાવાનું મળશે એવી આશામાં રખડતી ગાયો આ શાકભાજી છોતરા, ફળોની છાળો વગેરેને પ્લાસ્ટિક થેલી સાથે ખાય છે અને આવુ ઘણા સમય સુધી ખાધા બાદ તેમના શરીરમાં પ્લાસ્ટિકનો જથ્થો એકઠો થાય છે ત્યારે તેમને ખૂબ જ દર્દ થાય છે. કેટલીક સેવાભાવી સંસ્થાઓ દ્વારા રખડતી ગાયો પર ઓપરેશન કરી તેમના પેટમાંથી આ જથ્થો કાઢવામાં આવે છે તેનો તો VIDEO જોઈને જ આપણને કમકમાટી છૂટે છે. તો તે ગાયોને કેટલું PAIN થતું હશે? આપણે શાકભાજી, ફળના વધેલો ભાગ પ્લાસ્ટિક થેલીમાં ન નાખતા, છાપામાં વ્યવસ્થિત વિંટાળીને નાંખીએ તો પણ રખડતી ગાયો આસાનીથી આ તકલીફમાંથી બચી શકે.

તેવી રીતે લગભગ દરેક ઘરમાં દેવી-દેવતાના ફોટા પર રોજ કે એકાંતરે ફૂલનો હાર, ફુલ ચડાવવામાં આવે છે તેને બીજે દિવસે પ્લાસ્ટિકની થેલીમાં નાંખી નદી કે દરિયામાં નાંખવાનો રિવાજ છે. હવે આ પ્લાસ્ટિકની થેલી પાણીના વહેણથી પાણીમાંના પથ્થરોથી અથડાઈને ફાટી જાય છે ત્યારે તેના નાના નાના ટુકડા માછલીની ચૂઈમાં ફસાઈ જાય છે જેથી તે ગુંગળાઈને મરી જાય છે. આને બદલે આ વધેલા ફુલોને પણ છાપાના કાગળમાં લપેટીને નદી/ખાડી/દરિયામાં નાંખો તો માછલીઓ પણ જીવલેણ યાતનામાંથી બચી શકે. - **શાંતિલાલ ગડા**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

## સોક્રેટીસની વાણી

દરેક અનુભવી જ્ઞાનીનો અનુભવ સરખો હોય છે. પણ દરેક જ્ઞાનીની સમજાવવાની રીત પોતાની આગવી હોય છે. ૨૦૦૭માં નર્મદા કિનારે ચાર્તુમાસમાં ''સોક્રેટીસ અને પ્લેટોના જીવન સૂત્રો'' નો સ્વાધ્યાય થયેલ તેમાંથી આ 'સોક્રેટીસની વાણી' લીધેલ છે.

૧. If you but choose wisdom all things will be added unto it, in time.

૨. હું કશું જાણતો નથી એટલું હું જાણું છું. હા, એટલા પુરતો હું ડાહ્યો ખરો.

૩. ઈશ્વરે માણસને બુધ્ધિ એટલા માટે આપી છે કે એ જાણે કે હું કશું જાણતો નથી.

૪. ઈશ્વરી સહાય વિના ડાહ્યા કહેવાતા એવા સમર્થનું ડહાપણ પણ ઘણી વખત મિથ્યા નીવડે છે.

૫. દુર્ગુણોને વશ કરી સદ્‌ગુણોને મુક્ત કરો.

૬. દેવો માત્ર મંદિરમાં જ નહિ, માણસના દિલમાં પણ વસે છે.

૭. સાચા જ્ઞાનવગરના વિધ્વાનો એક અભણ માનવી જેવી જ ભૂલો કરતાં હોય છે.

૮. સાચી સમજ ધરાવે તે સમાજ, બાકીનું ટોળું.

૯. પોતાના દોષ શોધી શકે તે સાચો સાધક /શોધક.

૧૦. નિર્દોષને દંડનારના દિલમાં વહેલો કે મોડો પશ્ચાતાપ થાય જ છે.

૧૧.જેમણે સત્યની શોધ કરવી હોય તેમણે સાહસ કરતાં ડરવાનું ન હોય.

૧૨.આત્મ નિરીક્ષણ વગર જીવન વ્યર્થ છે.

૧૩. વિચારોની અસ્થિરતામાં ડહાપણ હોતું નથી.

૧૪. લોકો પ્રત્યે મને પ્રેમ છે, પરંતુ ટોળાશાહી સામે મને વાંધો છે.

૧૫. સત્યને સેવો તેના સિવાયનું બધું જ નાશવંત છે.

૧૬. પોતાને થયેલું દરદ વૈદ્યની પાસે સંતાડનાર કદી પણ સાજો થઈ શકતો નથી.

૧૭. જ્યાં સુધી તમે જે છો, તેવા છો ત્યાં સુધી હું તમારા પર વિશ્વાસ રાખી શકું.

૧૮. પદે પદે પરીક્ષામાં બેસવાનું ન હોય એવું જીવન જીવવા જેવું નથી.

૧૯. સત્ય એ ખુદ સુંદર વસ્તુ છે.

૨૦.મૈત્રીનું સુખ તો દેવલોકમાંય દુર્લભ છે. બેખોળિયામાં અવાર નવાર થતી જીવનની અદલા બદલ તે મૈત્રી.

૨૧. વ્યક્તિગત આત્મામાં તેમજ સામાજીક બંધારણમાં એકતા અને સુખશાંતિ લાવે તે ધર્મ.

૨૨. મહત્વાકાંક્ષા અને લોભ ખરેખર કલંક છે.

૨૩. સ્થિરદ્રષ્ટિ : જેમણે બુધ્ધિ પૂર્વકનું આચરણ કરવું છે તેમણે ઈષ્ટ શક્તિની ઉપર જ પોતાની દ્રષ્ટિ સ્થિર રાખવી જોઈએ.

૨૪. ખરી કેળવણીના અભાવમાંથી, ખરાબ શિક્ષણ થકી અને અનિષ્ટ રાજ્ય બંધારણને લીધે ડંખીલા, વેરીલા અને ઝેરીલા બદમાશો જન્મે છે. આ બધી મૂડીવાદી રાજ્ય વ્યવસ્થાનો પરિપાક છે.

૨૫. સત્યની પ્રાપ્તિ : જ્યારે માનવીની નાડ તંદુરસ્ત હોય અને તે સંયમમાં હોય, અને તેણે બુધ્ધિઓની શક્તિઓને જાગ્રત કરી હોય અને ઉદાત વિચારોને પોષણ આપ્યું હોય ત્યારે તે શુધ્ધ વિચારના એકાંત પ્રદેશમાં ચિંતન કરવા માટે પ્રેરાય છે. આત્મામાં રહેલા બુધ્ધિહીન તત્વોને શાંત કર્યા પછી બુધ્ધિના ત્રીજા તત્વને તે જાગ્રત કરે છે ત્યારે તે લગભગ સત્યને પ્રાપ્ત કરે છે.

૨૬. વિશદ દ્રષ્ટિ : જેમનું મન મનુષ્ય સ્વભાવની આરપાર નીહાળી શકે એવો વિશદ દ્રષ્ટિવાળો માનવી જ સાચો ન્યાય આપી શકે.

૨૭. સત્ય ભિમુખ : જ્ઞાન તત્વ સર્વાંશે સત્યભિમુખ હોય છે. લાભ કે કીર્તિને માટે તેને ઘણી ઓછી દરકાર હોય છે. આવો સત્યભિમુખ માનવી વિવેકાભિલાષી હોય છે. તેઓ પોતાનું સુખ જ્ઞાનમાંથી આપ મેળે સર્જે છે. પરંતુ જો આવો જ્ઞાની કીર્તિની પાછળ પડે તો તે વધું દુ:ખી થાય છે.

**- શ્રી રમેશભાઈ દોશી**

## સત્યાગ્રહનું લક્ષણ

સત્યાગ્રહમાં નમ્રતા હોય છે. સત્યાગ્રહ કદી કોઈના પર પ્રહાર કરતો જ નથી. એ ક્રોધ કે દ્વેષનું પરિણામ ન જ હોવો જોઈએ. તેમાં ધાંધલ, અધીરાઈ, બૂમાબૂમ હોય જ નહીં, તે બળાત્કારનો કટ્ટો વિરોધી છે. હિંસાના સંપૂર્ણ ત્યાગ તરીકે જ સત્યાગ્રહની કલ્પના કરવામાં આવેલી છે.

**મો.ક. ગાંધી (હરિજન, ૧૫.૪.૧૯૩૩, પૃ.૮)**

**કદમ ઐસા ચલો કી નિશાન બન જાયે**
**કામ ઐસા કરો કી પહેચાન બન જાયે**
**યહા જીંદગી તો સભી જી લેતે હૈં**
**મગર જીંદગી જીઓ તો ઐસી કી**
**સબકે લિએ મિશાલ બન જાયે**

# શ્રીમદ્ રાજચંદ્ર મહાત્મા ગાંધીના 'માર્ગદર્શક' ખરા, પણ...

કોઈ પણ મહાન વ્યક્તિ મહાન કેવી રીતે બની. એ અભ્યાસીઓ માટે અભ્યાસનો અને બાકીના માટે કાયમી કુતૂહલનો વિષય હોય છે. એ વાત મોટે ભાગે વિસરી જવામાં આવે છે કે ઈતિહાસ એ ગણિત નથી. તેમાં બે ને બે ચાર જેવા સરવાળા બેસાડી શકાય નહીં. જેમ કે, ગાંધીજીને ગાંધીજી કોણે બનાવ્યા? આ સવાલના જવાબમાં તેમને રામનામનો મંત્ર આપનાર રંભાથી માંડીને અનેક નામ આપવા પડે-અને ફક્ત નામ પણ પૂરતાં નથી હોતાં. સ્થળકાળનું પરિબળ પણ તેમાં મહત્ત્વનું હોય છે. છતાં, સામાન્ય વાતચીતમાં શ્રીમદ્ રાજચંદ્ર, ટૉલસ્ટૉય અને રસ્કિન જેવાં નામ ગણાવવામાં આવે છે. તેમાંથી શ્રીમદ્ રાજચંદ્રનો પરિચય તેમને સૌથી પહેલો થયો, જ્યારે તે વકીલાતનું ભણીને ૧૮૯૧ માં બ્રિટનથી પાછા આવ્યા. શતાવધાની અને આધ્યાત્મિક બાબતોમાં જ્ઞાની તરીકે જાણીતા શ્રીમદ્ રાજચંદ્રે ગાંધીજીના ૨૭ પ્રશ્નોના વિગતવાર જવાબ આપ્યા. તેનાથી ગાંધીજીના મનનું સમાધાન થયું. આ પ્રકારની હકીકતોથી શ્રીમદ્ રાજચંદ્રના અનુયાયીઓમાં અને સામાન્ય રીતે પણ એવી છાપ ઊભી થઈ કે ગાંધીજી-રાજચંદ્રનો સંબંધ શિષ્ય-ગુરુનો હતો. હમણાં અમદાવાદના સાબરમતી આશ્રમમાં યોજાયેલા શ્રીમદ્ રાજચંદ્રની દોઢસોમી જન્મ જયંતીના કાર્યક્રમમાં પણ આ લાગણીનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો.

ગાંધીજી પર શ્રીમદ્ રાજચંદ્રનું ઋણ નકારવાનો કે તેને ઓછું આંકવાનો જેમ કોઈ સવાલ પેદા થતો નથી, એવી જ રીતે એ બન્ને વચ્ચેના સંબંધોના ઊંડાણને અત્યારનાં સગવડિયાં લેબલ મારવાની પણ શી જરૂર? ગાંધીજીના ઘડતરમાં રાજચંદ્રનો નોંધપાત્ર ફાળો રહ્યો. ગાંધીજીના ચરિત્રકાર પ્યારેલાલે નોંધ્યું છે તેમ અહિંસા, વ્રતો તથા અનેકાંતવાદ આ ત્રણ બાબતમાં ગાંધીજી પર શ્રીમદ્‌ની ઊંડી છાપ પડી. ઉપરાંત, આત્મકથામાં 'બ્રહ્મચર્ય-૧' પ્રકરણના આરંભે ગાંધીજીએ લખ્યું છે, 'પત્ની પ્રત્યેની વફાદારી મારા સત્યવ્રતનું અંગ હતું, પણ સ્વસ્રી પ્રત્યે પણ બ્રહ્મચર્યનું પાલન કરવું એ મને દક્ષિણ આફ્રિકામાં જ સ્પષ્ટ સમજાયું... એટલું સ્મરણ છે કે એમાં રાયચંદભાઈની અસરનું પ્રાધાન્ય હતું.' ૧૯૩૫માં રાયચંદભાઈની પુણ્યતિથિ નિમિત્તે પ્રવચનમાં ગાંધીજીએ કહ્યું હતું કે 'એમના જીવનમાંથી ચાર ચીજો શીખી શકીએ: ૧. શાશ્વત વસ્તુમાં તન્મયતા ૨. જીવનની સરળતા: આખા સંસાર સાથે એકસરખી વૃત્તિથી વ્યવહાર ૩. સત્ય અને ૪. અહિંસામય જીવન.' તેમ છતાં, તેમની વચ્ચેના સંબંધને સીધેસીધો ગુરુ-શિષ્ય જેવો ગણાવવામાં બન્ને મહાનુભાવોને અન્યાય થાય છે. તેનું સૌથી સાદું અને સૌથી પહેલું કારણ તો એ કે શ્રીમદ્ રાજચંદ્રના ઘણા અનુયાયીઓ હતા અને છે. પરંતુ તેમાંથી 'ગાંધીજી' એક જ થયા. બીજી વાત: ગાંધીજી આધ્યાત્મિકતામાં ઊંડો રસ ધરાવતા હોવા છતાં, તેમનો ખ્યાલ સંસારથી અલિપ્ત રહેવાનો કે સંસારમાં ચાલતા અન્યાય ચૂપચાપ સહી લેવાનો ન હતો. ખુદ રાજચંદ્રના મનમાં દયાધર્મ વિશે કેવો ખ્યાલ હતો, તેની વાત ગાંધીજીએ ૧૯૨૧માં શ્રીમદ્ રાજચંદ્રની જયંતી નિમિત્તે આપેલા વ્યાખ્યાનમાં કરી હતી: 'તેઓ (રાજચંદ્ર) ઘણી વાર કહેતા કે ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તે સહી શકું, પણ જગતમાં જે જૂઠ, પાખંડ, અત્યાચાર ચાલી રહ્યાં છે, ધર્મને નામે જે અધર્મ વર્તી રહ્યો છે, તેની બરછી સહન થઈ શકતી નથી.' ગાંધીજીના રાજચંદ્ર સાથેના આત્મીય સંબંધોનું ગૌરવ આ રીતે પણ-જૂઠ-પાખંડ-અત્યાચારનો શક્ય એટલો વિરોધ કરીને, દયાધર્મ અપનાવીને પણ લઈ શકાય. (શ્રીમદ્ રાજચંદ્રે કીડીમંકોડા બચાવીને માણસને મારતા 'દયાધર્મ'ની આકરી ટીકા કરી હતી, એટલી સ્પષ્ટતા)

શ્રીમદ્ રાજચંદ્રને ગાંધીજીના ગુરુપદે બેસાડી દેતી વખતે, ગાંધીજીનાં આ વચન યાદ રાખવા જેવાં છે. ૧૯૨૭માં પ્રગટ થયેલી આત્મકથામાં, 'રાયચંદભાઈ' એવું મથાળું ધરાવતા પ્રકરણમાં અંતે તેમણે લખ્યું છે, 'રાયચંદભાઈને વિશે મારો આટલો આદર છતાં, તેમને હું મારા ધર્મગુરુ તરીકે મારા હૃદયમાં સ્થાન ન આપી શક્યો. મારી એ શોધ આજ પણ ચાલુ છે... અક્ષરજ્ઞાન આપનાર અપૂર્ણ શિક્ષકથી ચલાવી લેવાય, પણ આત્મદર્શન કરાવનાર અપૂર્ણ શિક્ષકથી ન જ ચલાવાય...મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે: રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલસ્ટૉયે તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' પુસ્તકથી ને રસ્કિને 'અનટુ ધિસ લાસ્ટ' સર્વોદય નામના પુસ્તકથી મને ચકિત કર્યો... ' ૧૯૩૫માં રાયચંદભાઈની જયંતી નિમિત્તે પ્રવચનમાં ગાંધીજીએ કહ્યું, 'એમના જીવનનો પ્રભાવ મારા પર એટલે સુધીનો પડેલો કે એક વાર મને થયું કે હું એમને મારા ગુરુ બનાવું. પણ ગુરુ તો બનાવવા ચાહીએ તેથી થોડા જ બની શકે છે? ગુરુ તો સહજપ્રાપ્ત હોવા જોઈએ.' **- ઉર્વીશ કોઠારી**

## કચરામાં જ છુપાયેલું છે નિકાલનું સમાધાન

(કેન્દ્ર અને રાજ્ય સરકારોના નિયોજનકારોએ પર્વતીય વિસ્તારમાં કચરાના નિકાલને લઈને એવો કોઈ વૈજ્ઞાનિક રસ્તો નથી બતાવ્યો જેનાથી કચરાના નિકાલનો કોઈ વ્યવહારુ રસ્તો મળે. જૈવિક અને બિન જૈવિક કચરાનો નિકાલ કેવી રીતે અને ક્યાં થશે, એના અંગે કોઈ ચોક્કસ જાણકારી નથી. આપણે એક સમાજની રીતે પણ કચરા તરફ રખાતી બેદરકારીથી ઉપર ઊઠીને સ્વચ્છતા માટે કચરો ફેંકવાની ટેવને છોડવી પડશે અને પોતાની આસપાસના કચરાના નિકાલ માટેના આગ્રહી બનવું પડશે. સં.)

રમણીય પર્વતીય રાજ્યોમાં કચરાનો વધતો ઢગલો નિતનવી સમસ્યાઓ અને સ્થળે સ્થળે તણાવનું કારણ બની રહ્યું છે. સુંદર ખીણોમાં કદરૂપા ડાઘ પેદા કરીને એ ભૂદ્રશ્યને બગાડી રહ્યું છે. નદી-નાળાનાં પાણીને પ્રદૂષિત કરી રહ્યું છે. સ્થાનિક સિંચાઈ નાળાઓ કચરાથી સપાટ થઈ રહ્યા છે, ડમ્પિંગ જગ્યાઓ પર બધા પ્રકારનો કચરો ભેગો થઈને સડતો રહે છે, જેનાથી આસપાસના વિસ્તારમાં દુર્ગંધ ફેલાવાથી સામાજિક તણાવ ફેલાય છે અને વહીવટી સ્તરે પણ સમસ્યાઓ પેદા થાય છે. કચરાના ઢગલામાં જાણી જોઈને અથવા બેદરકારીને કારણે આગ લાગી જાય છે. ગામડાઓમાં પણ ખુલ્લામાં કચરો સળગાવવામાં આવે છે, જેનાથી વાયુપ્રદુષણ ફેલાવાથી આરોગ્ય માટે જોખમ પેદા થાય છે. કચરાને ફક્ત સમસ્યાના રૂપમાં જોવાને કારણે આ સમસ્યાની બધી જવાબદારી સરકાર પર નાખી દેવાને કારણે સમાધાન વધારે મુશ્કેલ બની જાય છે.

પર્વતીય રાજ્યોમાં તો પર્યટનની શક્યતાઓના ધોવાણના રૂપમાં ભારે ખતરાનું કારણ એનાથી ઉપસ્થિત થઈ શકે છે. આપણે એ સમજવું પડશે કે કચરો ખોટી જગ્યાએ પડ્યો હોય તો સમસ્યા છે, પરંતુ યોગ્ય સ્વરૂપે ઉપચારિત કચરો ઉપયોગી સંસાધન પણ છે. આ બદલાવ દ્રષ્ટિમાં આવતાં જ કચરા પ્રત્યે આપણા વ્યવહારમાં પણ બદલાવ આવવો સ્વાભાવિક છે, પરંતુ આ બદલાવ કેવળ સરકારની દ્રષ્ટિમાં આવવાથી કામ નહીં થાય. આ બદલાવ તો સમગ્ર સમાજના વિચારમાં આવવો જોઈએ. એનાથી આપણે કચરાના નિકાલના મામલામાં ગંભીર અને વ્યવહારુ પગલાં લેવામાં સક્ષમ બની શકીશું. કચરાની વ્યવસ્થાના નિકાલની સમસ્યાઓને આપણે ચાર ભાગમાં વહેંચવી પડશે. પ્રથમ ભાગના રૂપમાં આપણે વ્યક્તિદીઠ કચરાની માત્રા ઓછી કરવાના પ્રયાસ કરવા જોઈએ. જેમાં જરાક કમી પણ ખૂબ જ મોટું સકારાત્મક પગલું સિદ્ધ થશે. બીજું કદમ રિસાઈલિંગ અને પુનઃ ઉપયોગ હોવો જોઈએ! ટન લોખંડને રિસાઈકલ કરવાથી લોખંડ ધાતુનું ખોદાણ એટલું ઓછું તો થશે જ એની સાથે ટન કાર્બન ડાયોક્સાઈડનું હવામાં ઉત્સર્જન થવાથી બચશે. ત્રીજા ભાગમાં જે કચરો પુનઃ ઉપયોગ અને રિસાઈક્લિંગથી બચી જશે એમાંથી જૈવિક કચરામાંથી બાયોગૅસ અને જૈવિક ખાતર બનાવી લેવું જોઈએ. ધાતુઓ, બેટરીઓ, બલ્બ અલગ એકત્ર કરવા જોઈએ. બચેલ બાળવાયોગ્ય કચરાનો વીજળી બનાવવા માટેના બળતણના સ્વરૂપે ઉપયોગ કરવો જોઈએ. જેનાથી જૈવિક બળતણની બચત થશે અને વાતાવરણમાં કુલ ઉત્સર્જિત થનારી ગ્રીન હાઉસ ગૅસોની માત્રા ઓછી થઈ જશે.

આ મામલામાં આપણે સ્વિડન પાસેથી ઘણું શીખી શકીએ છીએ. સ્વિડન ૪૭ ટકા કચરાનો પુનઃ ઉપયોગ અને રિસાયક્લિંગ કરી લે છે અને ૫૦ ટકા કચરાનો ઊર્જા ઉત્પાદન માટે બળતણના સ્વરૂપમાં ઉપયોગ કરી લે છે ત્યાં પણ એ ધ્યાન રખાય છે કે ઝેરી તત્વોનું ડમ્પિંગ જગ્યાએથી ગળતર ન થાય. ડમ્પિંગ સ્થળોમાં જૈવિક અને જ્વલનશીલ કચરો નાખવાની મનાઈ છે. સ્વિડન પાસેથી લેવાની સૌથી અગત્યની શીખ એ છે કે ત્યાં કચરો એકઠો કરવાની અને નિકાલ કરવાની જવાબદારી એવી રીતે વહેંચવામાં આવી છે કે બહાનાંબાજીનો કોઈ અવકાશ જ નથી રહેતો. આ કાર્યને કચરો પેદા કરતા ઉદ્યોગો, વ્યાપારી ગૃહો, નગરપાલિકાઓ અને ખાનગી ઉદ્યોગોમાં વહેંચવામાં આવ્યું છે. ક્યા કચરાને કોણ એકઠો કરશે, કોણ ઊંચકીને નિકાલ કેન્દ્રોમાં પહોંચાડશે અને કોણ નિકાલ કરશે એ બધું નક્કી છે. ઘરેલુ કચરો એકઠો કરવાની જવાબદારી નગરપાલિકાની છે, તો ખતરનાક કચરો જેમ કે બેટરીઓ, કાચ, બલ્બ, ઈલેક્ટ્રોનિક કચરો વગેરે એને બનાવતી કંપનીઓની જવાબદારી છે. વ્યવસાયી કચરો વ્યવસાયી લોકોની જવાબદારી છે. નગરપાલિકાના કચરા માટે જમીનની અંદર ટેન્ક બનાવવામાં આવી છે જેને મોટી મોટી ટનલોથી એકબીજાને જોડવામાં આવી છે. આ જાળાનો છેલ્લો ભાગ ડમ્પિંગ સ્થળ સુધી જાય છે. કચરાને વેક્યુમ પ્રેશરથી ડમ્પિંગ સ્થળ સુધી ધકેલવામાં આવે છે. જ્યાં માલવાહક વાહનોમાં નાખીને એને ટ્રીટમેન્ટ કેન્દ્રોમાં પહોંચાડવામાં આવે છે. જુદી જુદી રીતનાં ટ્રીટમેન્ટ કેન્દ્રોનું જાળું બનાવવામાં આવ્યું છે. જૈવિક કચરામાંથી બાયોગૅસ બનાવવાનું કામ કેટલી ગંભીરતાથી કરવામાં

આવે છે એનો અંદાજ આ આંકડાઓથી લગાવી શકાય છે. ૨૦૧૩માં ૫,૬૭,૬૩૦ મેગાવોટ ઊર્જાનું ઉત્પાદન એનાથી કરવામાં આવ્યું જેના માટે ૧૪,૭૪,૧૯૦ ટન ઘરેલુ જૈવિક કચરાનો ઉપયોગ કરવામાં આવ્યો બાયોગૅસનો વાહનો માટે બળતણ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. બાકીના જ્વલનશીલ કચરાને ઈન્સિનરેટરોમાં સળગાવીને વીજળી બનાવવામાં આવે છે. જેની ટેક્નિક ખૂબ જ ઉત્તમ છે અને નજીવો ગૅસ ઉત્સર્જન થાય. સ્વિડન કચરામાંથી વીજળી પેદા કરનારો સૌથી કુશળ દેશ છે. તે ૧ ટન કચરામાંથી ૩ મેગાવોટ ઊર્જા પેદા કરી લે છે.

સ્વિડને ૨૦૧૩માં ઊર્જા ઉત્પાદન માટે યુરોપના અન્ય દેશો પાસેથી ૮,૩૧,૪૦૦ ટન કચરો આયાત કરીને એને પણ કચરાની સમસ્યામાંથી બહાર નીકળવામાં મદદ કરી. ઈન્સીનરેટરોમાં કચરો સળગાવ્યા પછી વધેલી રાખને ડમ્પિંગ સ્થળો પર નિર્માણકાર્યમાં લેવામાં આવે છે. પેદા થનારા ફ્લુ ગૅસોને પણ સળગાવી દેવામાં આવે છે. આવી રીતે કચરો જ્યારે આવકનું સાધન બની જશે ત્યારે એના નિકાલની વ્યવસ્થાઓ વધારે મજબૂત થતી જશે. નિકાલની વ્યવસ્થામાં લાગેલા કામદારો અને સફાઈ કર્મચારીઓના વેતન માટે આ આવક ખર્ચ કરીને એમની પરિસ્થિતીને પણ સુધારી શકાય છે. સરકારી ખજાના પર ભાર ઘટશે અને રોજગારના અવસર પણ પેદા થશે. એક જગ્યાએથી સુયોજિત પહેલ કરવામાં આવે તો વ્યવસ્થા પોતાની તાકાતથી આગળ વધવાની ક્ષમતા રાખે છે. આપણે એક સમાજના રૂપમાં પણ કચરા પ્રત્યે રાખવામાં આવતી બેદરકારીથી ઉપર ઊઠીને સ્વચ્છતા માટે કચરાને જ્યાં ત્યાં ફેંકવાની આદતોને છોડવી પડશે અને પોતાની આસપાસના કચરાના નિકાલ માટે આગ્રહી બનવું પડશે.

**મૂળ લેખક : કુલભૂષણ ઉપમન્યુ,**
**અનુવાદ :કમલ ખીમાણી, સૌ. સદ્‌ભાવના સાધના**

## વૃક્ષનો વ્યવહારુ વિકલ્પ : 'મોક્ષકાષ્ઠ'

ભારતમાં શબને બાળવા મહદ અંશે લાકડાનો ઉપયોગ થાય છે ત્યારે બીબીસીએ થોડાં વરસો પહેલાં કરેલી એક સ્ટોરી એવી હતી કે ગરીબ ગણાતા બિહાર રાજ્યના કેટલાંક ગરીબ વિસ્તારોના સ્મશાનમાં ગોબરનાં થાપેલાં છાણાં વડે મૃતદેહોના અંતિમ સંસ્કાર કરવામાં આવતા. આમ પણ ગ્રામ વિસ્તારોમાં બળતણ તરીકે છાણાંનો વપરાશ સાવ કોમન ગણાય છે.

બીબીસીના આ પ્રોગ્રામની પ્રેરણા મળી હશે કે નહીં એની તો આ લખનારને જાણ નથી પરંતુ મહારાષ્ટ્રની બીજી રાજધાની ગણાતા નાગપુરમાં એક સરસ પ્રયોગ કરવામાં આવ્યો. રોજ શહેરમાં એકઠા થતા સૂક્કા કચરામાં ગોબરનાં છાણાં ભેળવીને ખાસ પ્રક્રિયા દ્વારા ઈંટ જેવા મજબૂત ચોસલાં તૈયાર કરવામાં આવ્યાં. એમાં અગરબત્તી કે ધૂપમાં વપરાતાં કેટલાંક પદાર્થો પણ ઉમેરવામાં આવ્યાં જેથી અંતિમ સંસ્કાર દરમિયાન વાતાવરણ શુદ્ધ અને સુંગધિત રહે. આ ઈંટને 'મોક્ષ કાષ્ઠ' નામ આપવામાં આવ્યું. હાલ નાગપુર શહેરમાં જેટલાં મુક્તિધામ (સ્મશાન) છે એ બધાંમાં આ મોક્ષ કાષ્ઠ વપરાય છે. ગરીબ પરિવારોને એ નહીં નફો નહીં નુકસાનના ધોરણે અપાય છે. બીજાઓને અમુક મહેનતાણું લઈને પૂરાં પાડવામાં આવે છે.

મોક્ષ કાષ્ઠના પગલે બે ત્રણ ક્રાન્તિકારી બાબતો સર્જાણી. એક, આડેધડ વૃક્ષો કપાતાં બંધ થયાં. બે, શહેરના કચરાના નિકાલની સમસ્યાનું અંશિક નિરાકરણ હાથવગું થયું. ત્રણ અંતિમ સંસ્કારની પ્રક્રિયા ઝડપી અને ખૂશ્બોદાર બની. આ પરંપરા સમગ્ર નાગપુરમાં અત્યંત લોકપ્રિય નીવડી છે. મહારાષ્ટ્રના અન્ય શહેરમાં પણ આ પ્રયોગ થાય એવા પ્રયાસો ચાલી રહ્યા છે. સૌથી મોટી વાત વૃક્ષોના જતનની છે. અંતિમ સંસ્કાર માટે આવતા પાર્થિવ દેહને કેટલાં લાકડાં જોઈશે એનો અંદાજ સ્મશાનના કર્મચારીઓને પોતાના અનુભવના આધારે આવી જતો હોય છે.

એક દેહના અંતિમ સંસ્કાર માટે સરેરાશ પચાસ મણ લાકડાં જોઈએ એવી કલ્પના કરીએ. રોજ આઠ દસ શબ આવતા હોય તો લગભગ રોજ પુખ્ત વયના એક વૃક્ષને નિર્દયપણે કાપી નાખવાની ફરજ પડે. સમગ્ર શહેરની વસતિને ધ્યાનમાં રાખીએ તો રોજ કેટલાં વૃક્ષોની કતલ કરવી પડે ? પરિણામે પર્યાવરણને કેટલું નુકસાન થાય એ તો ત્રિરાશી માંડ્યા વિના પણ સમજાઈ જાય એવી વાત છે. એક મહત્ત્વનો મુદ્દો એ પણ છે કે લાકડા કે ગેસની ભઠ્ઠી કરતાં મોક્ષ કાષ્ઠ દ્વારા અંતિમ સંસ્કાર સરવાળે સોંઘું પડે છે. નાગપુર મ્યુનિસિપાલિટીએ અપનાવેલી આ પરંપરા દેશનાં મોટા ભાગનાં શહેરોમાં અજમાવવા જેવી ખરી કે નહીં ? - **અજીત પોપટ, સૌ.ગુજરાત સમાચાર**

**સફળતા એક દિવસમાં નથી મળતી, પરંતુ જો નક્કી કરી લેવામાં આવે તો એક દિવસ જરૂર મળે છે**

## શિસ્તપાલન ઉત્તમ દેશસેવા છે

દેશ માટે શહીદ થનાર ક્રાન્તિવીરો, સરહદ ઉપર દુશ્મનોની ગોળીઓથી વીંધાઈ જતા સૈનિકો કે આઝાદીની લડતમાં ફના થયેલા દેશભક્તોની કથાઓ આપણામાં પણ દેશ માટે કંઈક કરી છૂટવાનો રોમાંચ પેદા કરે છે. ત્યારે વસવસો એ વાતનો થાય છે કે આવી ઉમદા તક આપણા ભાગ્યમાં જલદી આવતી નથી. ખરેખર તો દેશ માટે કંઈક કરી છૂટવાની તમન્ના લઈને ફરતા નાગરિકો માટે આવી તક રોજેરોજ આવતી હોય છે અને આવી તક એટલે શિસ્તપાલન. કહેવાય છે શિસ્તપાલન એ ઉત્તમ દેશ-સેવા છે. શિસ્તપાલન એટલે દેશના બંધારણનું સન્માન, દેશના કાયદા-કાનૂનનું પાલન. આવું પાલન એ આપણી પવિત્ર ફરજ તો છે જ સાથે સાથે આપણા દેશને મહાન બનાવવામાં મોટી મદદ કરે છે. કોઈ રાષ્ટ્ર તેની ભૌતિક સંપત્તિથી કે ભવ્ય ભૂતકાળના વારસાથી મહાન નથી બનતું પરંતુ તેમાં વસતા ચારિત્ર્યવાન અને શિસ્તબદ્ધ નાગરિકોથી મહાન બને છે અને ચારિત્ર્ય એટલે ધાર્મિક હોવું તે જ પૂરતું નથી. કોઈ ફિલસૂફે ચારિત્ર્યની ખૂબ સાદી વ્યાખ્યા કરતાં કહ્યું છે કે ચારિત્ર્ય - એટલે બંધ ઓરડામાં તમે એકલા હોવ ત્યારે વિચારો કેવા કરો છો તે તમારું ચારિત્ર્ય છે. શિવજીને દૂધ ચઢાવીને પછી દુકાનમાં ગ્રાહકોને લૂંટવાનો કે કચેરીએ મોડા પહોંચવાનો પરવાનો મળી જતો નથી. ટ્રાફિકના નિયમોનું પાલન કરવું તે શિસ્તપાલન છે. પરંતુ રાત્રે બે વાગે પોલીસ હાજર ના હોય તો પણ ટ્રાફિક લાઈટનું પાલન કરવું તે તમારું ચારિત્ર્ય છે.

આપણે મૂઆ પછી સ્વર્ગમાં જવા ઈચ્છીએ છીએ પરંતુ જીવતે જીવ નરક ભોગવીએ છીએ. આપણે યુરોપ કે અમેરિકા જવા તલસીએ છીએ પરંતુ ત્યાંના જેવી શિસ્ત, સ્વચ્છતા કે સદાચાર વિશે અમલ કરતા નથી. આપણે દેખાવો કે આંદોલનોના ઉન્માદમાં રાષ્ટ્રીય સંપત્તિનો વિનાશ કરીએ છીએ અને પછી રાજકારણીઓને દોષ દઈ સંતોષ માનીએ છીએ. આપણે 'મેરા ભારત મહાન'ના નારા લગાવીએ છીએ પરંતુ દેશને મહાન બનાવવા પ્રયત્ન કરતા નથી. આપણાં બાળકોને પ્રભુભક્તિના ધાર્મિક સંસ્કાર મળે તે જ પૂરતું નથી. તેમને દેશભક્તિ અને શિસ્તપાલનના સંસ્કાર મળે તે પણ ખૂબ જરૂરી છે.

આજની આપણી મુખ્ય સમસ્યાઓ છે. ભ્રષ્ટાચાર અને ભેળસેળ, કાળા બજાર અને સંગ્રહખોરી, ધક્કામુક્કી અને અવ્યવસ્થા, કરચોરી ને કામચોરી, દગાખોરી ને વિશ્વાસઘાત, સમયપાલન અને સમર્પણનો અભાવ વગેરે. આ બધાં અનિષ્ટોનું મૂળ દેશભક્તિ અને શિસ્તપાલનના અભાવમાં છે.

આપણે કદાચ કોઈ મહાન કામો ના કરી શકીએ પરંતુ નાનાં નાનાં કામો મહાન રીતે જરૂર કરી શકીએ. 'મારું શું? અને મારે શું' ભૂલી મહાભારતની શીખ ગાંઠે બાંધવા જેવી છે. 'આત્મનઃ પ્રતિકૂલાનિ પરેશામ્ ન સમાચરેત્' જે તમને અનુકૂળ (ગમતું) નથી તે બીજા સાથે ના કરો. બીજાનો શિસ્તપાલનનો અભાવ તમને નથી ગમતો તો તમે તેવું ના કરશો. વિવેકાનંદજી કહેતા કે, 'જો તમે સુધરી જશો તો દુનિયામાંથી એક દુરાચારી માણસ ઓછો થયાનો સંતોષ જરૂર લઈ શકશો.'

આપણે દેશના ભવ્ય સાંસ્કૃતિક વારસાનું ગૌરવ કરીએ છીએ. આપણે ખૂબ ધાર્મિક હોવાનો દાવો કરીએ છીએ. આપણે પવિત્ર ધર્મગ્રંથોનો આધાર ટાંકીએ છીએ પરંતુ આપણે એ ભૂલી જઈએ છીએ કે આપણા દેશનું બંધારણ એ સૌથી પવિત્ર ગ્રંથ છે અને આ બંધારણમાં દર્શાવેલ કાયદા-કાનૂનનું પાલન એ આપણી પવિત્ર ફરજ છે. રાષ્ટ્રભક્તિ એ આપણી સૌથી પહેલી ફરજ છે. આ પવિત્ર ફરજો દેશસેવા અને શિસ્તપાલન થકી જ અદા કરી શકાય. આવો આપણે સૌ આ પવિત્ર ફરજ અદા કરવા સંકલ્પ કરીએ. **- જગદીશ બારોટ, સૌ. અખંડ આનંદ**

## મુમુક્ષુનું કુરુક્ષેત્ર

મુમુક્ષુએ સૌપ્રથમ પોતાના બંધનનું મૂળ શું છે, શામાં છે, એ બરાબર સમજી લેવું જોઈએ. શું કુટુંબ-પરિવાર તેને બાંધે છે? શું જીવનનો વ્યવહાર બાંધે છે? શું વિષયોનો ભોગ-ઉપભોગ બાંધે છે? બહારની કોઈ વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ કે વ્યવહાર એને બાંધતાં નથી પણ તેનું બંધન તેની અંદર જ છે, તેનું પોતાનું મન જ બંધન છે. ચિત્તમાં પડેલી તૃષ્ણાઓ, એષણાઓ, વિકારો, વાસનાઓ જ એનો આત્મવિકાસ રુંધી રહ્યાં છે. વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ નહિ પણ એના પ્રત્યે ચિત્તમાં રહેલું વળગણ/આસક્તિ જ મુક્તિયાત્રામાં વિઘ્નો ઊભાં કરે છે; અર્થાત્ બંધન છે આસક્તિ - અહં-મમ. આ તથ્ય મુમુક્ષુના અંતરમાં સદા કોતરાયેલું રહેવું જોઈએ. પછી, માત્ર બાહ્ય સ્થૂળ કર્મ પર જ દ્રષ્ટિ નહિ રહે, કોઈ પણ પ્રવૃત્તિ કરતી વખતે અંતરમાં આશય / ભાવ શો છે એ તરફ સાવધાની જાગશે. અહીંથી જ મુક્તિયાત્રાની સાચી શરૂઆત થાય છે, આત્મનિષ્ઠ સંતોને ઓળખી શકાય છે અને યથાર્થ મોક્ષમાર્ગ હાથ લાગે છે.

**- ઈન્ટરનેટ પરથી, પ્રે. શાંતિલાલ ગડા**

## કદર કરવાની આ રીત કેવી ?

રિવાજ પડે એટલે એ શા માટે છે એ વિચારવાનું લગભગ બનતું નથી. કોઈને પૂછો કે, ''આમ કેમ છે ?'' તો જવાબ મળશે કે, ''રિવાજ છે.'' એટલે કે આગળથી ચાલ્યું આવે છે માટે છે. એની યોગ્યતા વિષે ભાગ્યે જ વિચાર થાય છે. સંગીતના, ખાસ કરીને લોકડાયરાના, કાર્યક્રમોમાં નોટો ઉછાળવાનો રિવાજ શરૂ થયો છે. એ ખરું કે ગૌશાળા, સદાવ્રત, આરોગ્ય કે બીજા લોકોપયોગી કાર્યો માટે એ રકમ વાપરવામાં આવે છે. પરંતુ જો રકમ આપવાની ભાવના જ છે તો રકમ આપી પહોંચ મેળવી લો. તમે ઉત્તમ કાર્યમાં સહભાગી થયા તેનો આનંદ લો. નોટો જાહેરમાં ઉછાળીને શું બતાવવું છે ?

જો ઓસમાણ મિર સરસ રીતે ગાતા હોય તો તેની ગાયકી, સૂરની ખૂબીઓ, સૂરને ઊંચે ખેંચવાની શક્તિ, તાન પલટા, સૂરસાધના, ગીત કે ગજલની ઉત્તમતા, સાજિંદાઓનો સાથ આ બધું માણવાનું હોય. ઉત્તમ સંગીતકાર આપણા હૃદયને ડોલાવી દે, આનંદથી ઊભરાવી દે એની કદર આમ રૂપિયા ઉડાડીને કરવાની હોય કે એના સંગીતની ખૂબીઓને પારખીને વાજબી દાદ આપવાની હોય એ વિચારવાની જરૂર છે. આ તો સંગીતની કદર સિવાયનું ભળતું દાખલ થઈ ગયું છે.

સંગીતની કદર અને રૂપિયા ઉડાડવાને કોઈ સંબંધ નથી. સાચા સંગીતકારને તો સુજ્ઞ શ્રોતાઓની ઉચિત દાદની ખેવના હોય છે. પરંતુ સંગીતકારો પણ આ કુરિવાજ વિષે બોલવાની હિમ્મત કરતા નથી. હાસ્યકલાકારોમાં પણ નોટોનો ઢગલો મોટો કરવાની જાણે હોડ લાગી છે. પૈસાનું આ જાહેર પ્રદર્શન અને હાસ્યના કાર્યક્રમને કોઈ સંબંધ નથી. એ નિમિત્તે દાન આપવાનું હોય તો યોગ્ય જગ્યાએ જઈને નોંધાવો. કલાકારની આગળ આવીને નમ્રપણે નોટોની થપ્પી મૂકી દેવાતી નથી, નોટો ઉડાડાય છે એ પ્રદર્શન છે, કલા કે કલાકારનું ગૌરવ નથી. એટલે રિવાજને તપાસતા રહેવાની જરૂર હોય છે. રિવાજને તપાસવાનું ત્યારે બને જ્યારે પ્રજા મૌલિક અને બિનંગત રીતે વિચારવાની ટેવ પાડે. તો જ જીર્ણ રિવાજના કળણમાંથી બહાર આવી શકે. ભારતમાં શિક્ષણમાં મૌલિક અને બિનંગત રીતે વિચારવાનું શીખવાતું નથી, એટલે પ્રજા રિવાજોને ગળે વળગાડીને ઘેનમાં રહી શકે છે. આવા રિવાજો સામે પ્રશ્નાર્થ કરનારને નાસમજ કે ઊંધી ખોપરીના ગણાવાય છે. એ બદલાવું જોઈએ. વિચારવાન પ્રજા જ વિકસી શકે, અંધાનુકરણવાળી પ્રજા નહીં. - **મનસુખ સલ્લા**

## ઉરુગ્વે

''ઉરુગ્વે'' એક એવો દેશ છે જેમાં સરેરાશ વ્યક્તિ દીઠ ૪ ગાય છે... અને તે સમગ્ર વિશ્વમાં ખેતીના ક્ષેત્રમાં નંબર એકની સ્થિતિમાં છે...

તે માત્ર ૩૩ લાખ લોકોનો દેશ છે અને ૧ કરોડ ૨૦ લાખ ગાય છે. દરેક એક ગાયના કાન પર ઈલેક્ટ્રોનિક ચિપ મૂકવામાં આવે છે... જેની મદદ વડે કઈ ગાય કઈ જગ્યાએ છે એ જાણી શકાય છે. ખેડૂત મશીનનાં રૂમમાં બેઠા બેઠા, પાકની લણણી કરે છે, બીજી વ્યક્તિ તેને સ્ક્રીન પર જુએ છે, અને જાણે છે કે પાકની પરિસ્થિતિ શું છે..?? એકત્રિત માહિતી દ્વારા, ખેડૂતો ચોરસ મીટર દીઠ ઉપજનું વિશ્લેષણ જાતે જ કરે છે.

૨૦૦૫માં ૩૩ લાખ લોકોના દેશમાં ૯૦ લાખ લોકો માટે અનાજનું ઉત્પાદન થતું હતું... અને.. આજે, તે ૨ કરોડ ૮૦ લાખ લોકો માટે અનાજ ઉત્પન્ન કરે છે.

''ઉરુગ્વે'' ના સફળ પ્રદર્શન પાછળ દાયકાઓનો, ખેડૂતો અને પશુપાલકોનો અભ્યાસ સામેલ છે.

૫૦૦ કૃષિ ઈજનેરોની ટીમ ખેતી જોવા માટે રખાયેલી છે. ખેતીની પદ્ધતિને ખેડૂતો અનુસરે છે તે નિશ્ચિત કરવા માટે ડ્રોન કેમેરા તથા સેટેલાઈટની મદદ વડે ખેતી અને ખેડૂતો પર નજર રાખવામાં આવે છે.

''દૂધ, દહીં, ઘી, માખણ'', ઉપરાંત અનાજનું ઉત્પાદન, વસ્તી કરતા ઘણું વધારે...''વધેલું તમામ અનાજ, દુધ, દહીં, ઘી, માખણને નિકાસ કરવામાં આવે છે અને દરેક ખેડૂત લાખો કમાણી કરે છે...''એક માણસની લઘુતમ આવક 1,25,000/- મહિના છે, એટલે કે વર્ષમાં $ 19,000/-... ''આ દેશનું રાષ્ટ્રીય પ્રતીક સૂર્ય છે અને રાષ્ટ્રીય પ્રગતિનું ચિન્હ ગાય અને ઘોડો છે...'' **''અને ખાસ તો ઉરુગ્વેમાં ગાય હત્યા પર ફાંસીની સજા છે.''**

''વંદન છે, આ ગૌ પ્રેમી દેશ ને...''

મુખ્ય વસ્તુ આમાં એ પણ જાણવા જેવી છે કે, ''આ તમામ ગૌ-સંપત્તિ- ભારતીય છે...'' જેને ત્યાં ''ભારતીય ગાય'' તરીકે જાણે છે... ''ઉદાસી એ છે કે, ભારતમાં ગાયની હત્યા થાય છે અને ઉરુગ્વેમાં ગાયની હત્યા પર મૃત્યુદંડની જોગવાઈ છે.''''શું આપણે આ ખેતીવાડી રાષ્ટ્ર ઉરુગ્વે પાસેથી કંઈક શીખી શકીએ...???''

**ઈન્ટરનેટ પરથી, પ્રે. રમેશભાઈ દોશી**

**ઈશ્વરમેં આસ્થા હૈ તો ઉલઝનો મેં ભી રાસ્તા હૈ**

## હિવરે બાજાર

હિવરે બજાર નગર (અહમદનગર) જીલ્લાનું નાનકડું ગામ છે. હિવરે બજાર ગામનાં ૨૬૦ કુટુંબીઓમાંથી ૬૦ કુટુંબો લખપતી છે. આ ગામનાં લોકોની સરાસરી માસિક આવક ૩૦,૦૦૦ રૂપિયા છે. આ ગામની પ્રગતિ માપવા, તેનાં ભૂતકાળને યાદ કરવું જ પડે.

પહેલાં આ ગામમાં ઠેરઠેર દારૂની ભઠ્ઠીઓ હતી. અહીંથી આસપાસનાં ગામડાઓમાં મબલક પ્રમાણમાં દારૂ પહોંચાડાતો. સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ, જેવી મૂળભૂત ગરજોથી આ ગામ યોજનો દૂર હતું. નામચીન પોલીસ અધિકારીને શિક્ષા રૂપે અહી મોકલાતો. લોકોમાં એવી ધારણા કે કુછ નહી હો સકતા ઈસ ગાંવકા. પરંતુ અહીં દેવયોગે ચમત્કાર થયો! એવો ચમત્કાર જેણે આ ગામને પ્રસિધ્ધિ અપાવી. આજે હિવરે બજારની ૧૪૦૦ લોકોની વસ્તીમાં કોઈ પણ પ્રૌઢ વ્યક્તિ બેરોજગાર નથી. ૨૨૬ પરિવારોએ આર્થિક સ્થૈર્ય પ્રાપ્ત કરેલ છે. ખેતી અને દૂધ ઉત્પાદન આ બે વ્યવસાયને કારણે અહીંના ૬૦ પરિવારો લખપતી બન્યા છે, જેમની વાર્ષિક આવક ૧૦ લાખ રૂપિયાથી વધુ છે. બંને વ્યવસાયોમાં સ્રીઓ પણ અગ્રેસર છે અહીં શેરડી વાવવા પર બંધી ફરમાઈ છે. કારણ આ પાક વિપુલ માત્રામાં પાણી વાપરે છે. મુખ્ય પાક ડુંગળી છે. ગામમાં હાથ ધરવામાં આવેલા જળસંગ્રહના કામોને લીધે અહીં ચમત્કાર સર્જાયો છે. અહીં ફક્ત સરાસરી ૧૦૦ મિ. મી. વરસાદ પડતો હોવા છતાં ૨૫૩ કુવાઓમાં બારેમાસ પાણી હોય છે. ગામની આસપાસનાં ડુંગરાઓમાં ઢોરોને ચરાવવાની બંધી છે. ચારાનાં ચુસ્ત નિયમનને કારણે અહીંનો ચારો બીજા ગામોને પણ વેચી શકાય, તેટલી વિપુલ માત્રામાં થાય છે. ચરાઈબંધીનો બીજો ફાયદો એ છે કે તેનાથી વરસાદનું પાણી જમીનમાં ઉતરી, ભૂગર્ભ જળસ્તરને વધારે છે. ટૂંકમાં આ ગામ સાચા અર્થમાં 'સુજલામ્ સુફલામ્' બન્યું છે. જ્યાં એક સમયે દારૂની ભઠ્ઠીઓ હતી, ત્યાં આજે દારૂબંધી ઉપરાંત ગુટકા-બંધી, પાન-સિગારેટ-તમાકુંબંધી છે. ગામનાં બધાં મકાનો એક સરખા રંગે રંગાયેલા છે, જેની ભીંતો પર સુવાચ્ય અક્ષરોમાં માલિકના નામ લખેલાં છે. મહારાષ્ટ્ર સરકારનું ગ્રામ-સ્વચ્છતા ઈનામ મેળવનાર આ ગામમાં ૧૩૦ બાયોગેસ પ્લાન્ટ છે. સંપૂર્ણ ગામ સાક્ષર છે. ગામની જમીન બહારની વ્યક્તિને વેચવાની મનાઈ છે. અહીની શાળા, સુંદર મોટા મેદાન અને મંચથી શોભે છે. શાળાની ભીંતો સુવિચારથી અલંકૃત છે. કાળા પાટિયા પર શાળાની ભોજનશાળાનાં અઠવાડિયામાં પીરસાતા ભોજનની યાદી તેમ જ તેનું પૌષ્ટિક મૂલ્ય દર્શાવાય છે. છોકરા-છોકરીઓ તેમજ દિવ્યાંગ બાળકો માટે સગવડભર્યા શૌચાલયો છે. શાળાનાં વિદ્યાર્થીઓની હાજરી અને પરિણામ ૧૦૦% હોય છે. દરેક વર્ગને ગ્રામ પંચાયત તરફથી તેલ, સાબુ, પાવડર અને નેઈલ કટર જેવી સામગ્રી પૂરી પડાય છે, જેથી નાનપણથી બાળકોમાં સારી આદતો કેળવાય. સંપૂર્ણ ગામમાં એક જ ગણપતિ હોય છે. ગામનાં મોટાભાગનાં રસ્તા ગામવાસીઓએ શ્રમદાનથી બનાવ્યા છે. કોઈ યુવાનના લગ્ન લેવાય તો તેનું અને આવનારી વધુનું H.I.V. સર્ટિફિકેટ ગ્રામપંચાયતમાં સાદર કરવું ફરજિયાત છે. ગામમાં દવાખાનું નથી, કારણ લોકોનું આરોગ્ય સારૂં છે. ગામનાં સરપંચ શ્રી પોપટરાવ પવાર અને તેમનાં સાથીઓએ ગામની કાયાપાલટ કરવા ખૂબ જહેમત અને કષ્ટ ઊઠાવ્યાં છે. ભારતમાં ગામો ગામ શ્રી પોપટરાવ અને તેમનાં સહકારીઓ જેવી ધ્યેયનિષ્ઠ વ્યક્તિઓ સેવા કરવા આગળ આવે તો આપણો દેશ ફરીથી સુજલામ્ સુફલામ્ થઈ જાય એમાં શંકા નથી. **- મંજુ સાવલા**

## એક ગામ આવું પણ

ભારતના કર્ણાટક રાજ્યમાં તુંગા નદી પાસે આવેલું મત્તુર નામનું ગામ તેની આગવી ઓળખ ધરાવે છે. અને આ ઓળખ એટલે આ ગામમાં માત્ર સંસ્કૃત ભાષા જ બોલવામાં આવે છે. આ ગામમાં જ્યારે બે વ્યક્તિઓ સામ સામે મળે ત્યારે સંસ્કૃતમાં જ વાત કરે છે. આ જ કારણ છે કે અહીં લોકો દૂર દૂરથી સંસ્કૃત ભાષાનું શિક્ષણ લેવા માટે આવતા હોય છે. આ ગામની બીજી વિશેષતા એટલે આ ગામમાં ન તો રેસ્ટોરાં આવેલી છે કે ન તો ગેસ્ટ હાઉસ, જે લોકો અહીં ગામમાં સંસ્કૃત ભાષા શીખવા આવે છે, એમને ગામવાસીઓ પોતાના ઘરે મહેમાન બનાવીને લઈ જાય છે. પાંચ વર્ષના બાળકથી લઈને ૮૦ વર્ષ સુધીના વૃદ્ધના મોઢે પણ તમને સંસ્કૃત જ સાંભળવા મળશે. ગામવાસીઓ દ્વારા એવો દાવો કરવામાં આવે છે કે અહીં લોકો માત્ર ૨૦ દિવસમાં જ સંસ્કૃત ભાષા શીખી લે છે. એવું કહેવાય છે કે ૬૦૦ વર્ષ પહેલાં કેરલના બ્રાહ્મણ મત્તુરમાં આવીને વસવાટ કરતા હતા અને એ લોકો આપસમાં વાત કરતી વખતે સંસ્કૃત ભાષા જ બોલતા હતા પછી તો ધીરે ધીરે આ વાત ગામની ખાસિયત બની ગઈ. આ ગામમાં દરેક ઘરમાં એક સોફ્ટવેયર એન્જિનિયર છે. તથા ગામના અનેક નાગરિકો વિવિધ યુનિવર્સિટીમાં સંસ્કૃતના પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. **(સૌજન્ય: મુંબઈ સમાચાર)**

## બલરાજ સાહની

અમારા જેવા ફીલ્મી કલાકારોની ઉપર દરરોજ પ્રશંસકોના હજારો પત્રો આવે છે. મારી ઉપર છેલ્લાં ૨૦ વરસથી આવા પત્રો આવે છે. તેના ઉપરથી હું ખાતરીપૂર્વક એવું કહી શકું છું કે આપણી શીક્ષણ સંસ્થાઓમાં અંગ્રેજીનું સ્તર દીવસે દીવસે નીચે જતું જાય છે. મારું એવું માનવું છે કે એનું મુખ્ય કારણ પુંજીપતીઓના રાષ્ટ્રીય ધોરણે સંગઠીત હોવામાં અને વર્તમાન સામાજીક ઢાંચાને જેમ છે તેમનો તેમ રાખવા અંગ્રેજી ઘણી મદદરૂપ બને તેમ છે.

કોઈપણ દેશ ત્યારે જ પ્રગતી કરી શકે જો તે પોતાના અસ્તીત્વથી પુરેપુરો પરીચીત હોય તો. એણે પોતાને વીશે વીચારતા શીખવું પડશે. પોતાના પ્રશ્નોનું સમાધાન પોતે જ શોધવું પડશે. હું જ્યાં જ્યાં જોઉં છું, મને એવું લાગે છે કે આપણી દશા હજુ પણ પેલાં પક્ષી જેવી છે. જે લાંબી કેદ પછી પિંજરામાંથી આઝાદ તો થયું છે. પણ એને ખબર નથી કે હવે આ આઝાદીનું શું કરવું? એની પાસે પાંખો તો છે, પણ એ ખુલ્લા આકાશમાં ઉડતાં ડરે છે.

કોઈપણ સભા હોય, સંમેલન હોય કે સોસાયટી હોય ત્યાં પ્રધાન તો આવવા જ જોઈએ. કોઈ ફીલ્મ અભીનેતા મુખ્ય અતીથી હોય, કોઈ નેતા અધ્યક્ષ હશે. પણ કોઈ મોટું નામ હોવું જરુરી છે. આવું આપણા મનમાં ઠસી ગયું છે. આ સંસ્થાનવાદી માનસીકતા છે. છેલ્લાં ૨૫ વરસથી હું ઈપ્ટા (ઈન્ડીયન પિપલ થીયેટર એસોસીએશન) નો સભ્ય છું. આ સંસ્થા સામાન્ય લોકો માટે નાટકો ભજવવાનો દાવો કરે છે. એનાં નાટકોમાં સરકાર અને શાસન વ્યવસ્થાની કડક ટીકા થતી હોય છે. એટલા માટે સીઆઈડી એની ઉપર ચાંપતી નજર રાખે છે. પણ મેં જોયું છે કે આ જ ઈપ્ટાના સંમેલનમાં ઉદ્‌ઘાટન માટે પ્રધાનોનું હોવું જરુરી માનવામાં આવે છે. છેલ્લા વિશ્વયુદ્ધ વખતે હું થોડો સમય બીબીસીમાં ઉદ્‌ઘોષક તરીકે કામ કરતો હતો. સંકટને સમયે એ ચાર વરસોમાં મેં ક્યારેય વડાપ્રધાન સમેત બ્રીટીશ કેબીનેટના કોઈપણ પ્રધાનને ત્યાં જોયા નથી. ખબર નહીં તેઓ ક્યાં સંતાઈને રહેતા હતા. અને આપણે ત્યાં? દેશને સ્વતંત્રતા મળી તે પછી મને દરેક જગ્યાએ પ્રધાનો જ દેખાયા છે.

૧૯૩૦ માં ગાંધીજી જ્યારે ગોળમેજી પરીષદમાં ગયા હતા ત્યારે ત્યાંના પત્રકારોને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું - 'હીંદુસ્તાનના લોકો બ્રીટીશ સરકારની બંદુકોને અને મશીનગનોને એ રીતે જુએ છે જેમ એમનાં બાળકો દીવાળીને દીવસે ફટાકડાને જુએ છે!' લોકો અંગ્રેજ સરકાર સામે અસહકાર કરવા લાગ્યા હતા. આ હીંમત નીઃશસ્ત્ર હીંદુસ્તાનીઓના દીલોમાં ગાંધીજીએ ભરી હતી. સામાન્ય લોકોને પૈસા અને પ્રતીષ્ઠાના પડછાયાથી મુક્ત કરવાની જરુર છે. અત્યારે તો ચારેબાજુ પૈસાની અને પ્રતીષ્ઠાની જ બોલબાલા છે. સમાજમાં જેમની પાસે પૈસો છે, મોટરો છે, ધનદોલતની નદીઓ ઉભરાઈ છે, તેમની જ પ્રતીષ્ઠા છે. આવો માહોલ હોય ત્યાં કદી સમાજવાદ આવી શકે? સમાજવાદ પહેલાં આપણે એવું વાતાવરણ ઉભું કરવું પડશે જ્યાં માત્ર ધનદોલત હોય તે જ સન્માનને પાત્ર ન બને. પણ વધુ ને વધુ આદરસન્માન એવા માણસોને મળે જેઓ ભલે શારીરીક કે માનસીક મહેનત કરતા હોય, પણ પોતાના કૌશલથી, બુદ્ધીપ્રતીભાથી, પોતાની કલા કે કલમથી દેશની સેવા કરતા હોય, નવું નવું સંશોધન, નવી નવી શોધો કરતા હોય!

હું એવી આશા રાખું છું અને પ્રાર્થના કરું છું, જવાહરલાલ નહેરુ યુનીવર્સીટીનાં તમે સૌ ભાઈબહેનો જીવનમાં એ સફળતા પ્રાપ્ત કરવામાં સમર્થ થાવ જે હું અને મારી પેઢીના કેટલાય લોકો નથી મેળવી શક્યા!

**(પ્રખ્યાત ફીલ્મ અભીનેતા બલરાજ સાહની દ્વારા જેએનયુના દીક્ષાંત સંમેલનમાં આપેલ વ્યાખ્યાન. અનુ. મોહન દાંડીકર). સૌ. નયા માર્ગ, લેખ ઊંઝા જોડણીમાં છે.**

**(ઘણા વરસો પહેલા બલરાજ સાહનીએ કહેલી વાત આજે પણ એટલી જ સાચી છે.) સહ સંપાદક**

## આધુનિક ખેતી

આપણા વેદ પુરાણ કહે છે કે આ ધરતી પર ઉત્પન્ન થયેલા દરેક છોડ એ પર્યાવરણનું રક્ષણ કરે છે, જેને પ્રદુષિત કરી, મોટી મોટી ઈમારતોના વાતાનુકૂલિત સભાગૃહમાં પર્યાવરણ કેવી રીતે સંરક્ષિત રહે એની પર ચર્ચા થાય છે. આપણા વેદોએ બતાવ્યું છે કે છોડવાનાં મૂળિયાં માટીની નીચે કાર્યરત ખર્વો સૂક્ષ્મ જીવાણુંઓના ખોરાકના સ્વરૂપમાં ઓર્ગેનિક કાર્બન આપે છે અને એમાંથી છોડવાઓ માટે નાઈટ્રોજન પણ લે છે. છોડવાઓની પરાળ તથા નીચે ઊગતું ઘાસ પશુઓનો ખોરાક હોય છે. પાંદડાં પાકીને નીચે પડીને માટીમાં ભળી જાય છે. વરસાદ એને સડાવી ઓગાળીને અને કીડી મકોડાનું મળ એને ખાતરમાં ફેરવીને ફરીથી છોડવાઓને ખાતર ઉપલબ્ધ કરાવે છે. છોડવાઓ પર લાગેલા ફૂલ, પતંગિયા અને મધમાખીનો ખોરાક છે. (બન્ને બદલામાં પરાગીકરણ કરીને બીજ ફલીકરણમાં મદદરૂપ બને છે.)

છોડવાઓના ફળ પર લાગેલા દાણા પક્ષીઓનો ખોરાક છે, સાધુ સંતોનું અન્ન છે, ઘરના વડીલો - વૃદ્ધોનો ખોરાક છે અને વધેલું ખેડૂતના પરિવારનું અન્ન છે. બતાવો આનાથી વધારે સારી પર્યાવરણની પરિભાષા બીજી કઈ હોઈ શકે? ભારત ગામડાઓમાં વસે છે એ હકીકત છે અને આપણા વિકાસના બધા કેન્દ્ર શહેર છે. આ શહેરોમાં રહેલી બધી શિક્ષણ સંસ્થાઓનો અભ્યાસક્રમ ગ્રામ વ્યવસ્થાને જોડતો નથી, તોડે છે. ગામોમાં ઉત્પાદન વધે એ બધા ઈચ્છે છે, પરંતુ એ ઉત્પાદનનું નિર્માણમૂલ્ય શું છે એના પર કોઈ શિક્ષણ શાળાઓ અથવા કોલેજમાં આપવામાં આવતું નથી. એક નાનકડું ઉદાહરણ છે. માટીમાં ઓર્ગેનિક કાર્બનની માત્રા વધારે હોય તો તે નાઈટ્રોજનને ક્રિયાશીલ બનાવે છે. આપણે ત્યાં માટીમાં તે એક ટકાથી પણ ઓછી છે. એને વધારવાનો એક માત્ર સ્રોત ખેતરનો લીલો પડવાશ છે. જે ખેતરના નાના-નાના શેઢાઓમાં ઝાડી-ઝાંખરામાં રહેલો હતો, ખેતરની હદમાં લાગેલા વૃક્ષોમાં સ્થિર હતો. ખેતરોમાં ટ્રેક્ટર ફેરવવા માટે આપણે એ શેઢાઓને તોડયા અને કુદરતી લીલો પડવાશ નષ્ટ કરી દીધો. નાઈટ્રોજનનો પ્રાકૃતિક સ્રોત ખતમ થઈ ગયો અને રાસાયણિક ખાતરોના રૂપમાં આપણે માટીની પ્રાકૃતિ રચના નષ્ટ કરી એને અંતે એનું સેવન કરનારા ઉપભોક્તાઓનું સ્વાસ્થ્ય દાવ પર લાગી ગયું. બીજું ઉદાહરણ જૈવિક ટેકનોલોજી શિક્ષણનું એનો અભ્યાસક્રમ ખેતીને નહીં ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે અને આ ઉદ્યોગોએ ન ફક્ત ખેતી મોંઘી કરી છે, પરંતુ ખેતીમાં ખરાબ રીતે પ્રદૂષણ ફેલાવ્યું છે. આ જૈવિક ટેકનોલોજીથી ઉત્પાદિત બી.ટી. કપાસ ભારતમાં ખરાબ રીતે ફેલાઈ ગયો છે. એ જ હાલ બીટી રીંગણ, જી.એમ.રાયડાના થવાના છે. વર્ષ ૧૯૪૫માં આપણી વસતિ લગભગ ૩૫ કરોડ હતી જ્યારે એલોપેથિક દવાઓનું ઉત્પાદન માત્ર ૧૨ કરોડ રૂપિયાનું હતું. વર્ષ ૨૦૦૯ના સર્વેક્ષણ પ્રમાણે આપણી વસતિ સવાસો કરોડ એટલે કે લગભગ ત્રણ સાડા ત્રણ ગણી વધી. જ્યારે એલોપેથિક દવાઓનું ઉત્પાદન ૧૩ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું. એટલે કે એક હજાર ગણું. શું આ સ્વચ્છ સમાજનું લક્ષણ છે? તો એનો ઉપાય શું છે? એનો ઉપાય ગ્રામ આધારિત શિક્ષણ પદ્ધતિ જ છે જે સ્થાનિક સંસાધનોમાંથી વિકાસ શોધશે. દર્દ જો ગામમાં હશે તો એનો ઉપાય પણ ગામમાં જ શોધવો પડશે, શહેરોમાં નહીં. - **અનુ.: કમલ ખીમાણી, સૌ. સંગત**

## યમરાજના ન્યાયમાં અંધેર ચાલે છે !

ગામના નગરશેઠ રોજ સાંજે ઘેરથી નીકળતા અને મંદિરમાં જઈને એક ઘીનો દીવો મૂકતા હતા. બીજી બાજુ એ જ ગામનો એક અતિ ગરીબ માનવી ઘી તો ક્યાંથી લાવે, પરંતુ સરસવનું તેલ નાખીને દીવો કરતો હતો અને એક અંધારી ગલીના વળાંક પર મૂકતો હતો.

આ ગલીનો વળાંક એવો હતો કે અંધારામાં એમાં ચાલનારા થાપ ખાઈ જતા અને ભીંત સાથે અથડાઈ જતા. ગરીબે એવી જગાએ સરસવના તેલનો દીવો મૂક્યો કે જેથી વળાંક પર આવનાર રાહદારી રસ્તાને બરાબર જોઈ શકે અને સામી દીવાલે અથડાય નહીં.

સંજોગવશાત નગરશેઠ અને ગરીબનું મૃત્યુ એક જ સમયે થયું. બંને યમપુરીમાં પહોંચ્યા.

યમરાજે શેઠને નિમ્ન સ્તરની સુવિધાવાળી શ્રેણીમાં રાખ્યા અને પેલા ગરીબને ઉચ્ચ શ્રેણીની સુવિધાઓ આપી. શેઠ અને ગરીબ બંનેને આશ્ચર્ય તો થયું.

એકે ઘીનો દીવો કર્યો હતો અને તે પણ મંદિરમાં અને એને આવી ઓછી સગવડ, જ્યારે બીજાએ સરસવનો દીવો રસ્તા ઉપર મૂક્યો હતો અને એને આટલી બધી સગવડ.

આવો ભેદભાવ જોઈને નગરશેઠ અકળાયા. એમણે યમરાજને કહ્યું,

'તમારા રાજ્યમાં ન્યાય જેવું કંઈ છે ખરું? કે પછી બધું લોલે લોલ ચાલે છે. સુવિધાઓ આપવાની બાબતમાં સત્કાર્યની યોગ્યતાનો વિચાર કરો છો ખરાં?'

યમરાજે કહ્યું, ''જુઓ ચિત્રગુપ્ત પાસે પૃથ્વી પરના તમારા પ્રત્યેક કાર્યની ઝીણામાં ઝીણી વિગતો હોય છે. તમારા સઘળાં કાર્યોને જોઈને જ અમે ન્યાય કરીએ છીએ અને એ પ્રમાણે સુવિધા આપીએ છીએ.''

નગરશેઠે કહ્યું, ''તો પછી મને પેલા ગરીબ કરતાં વધુ સારી સુવિધા મળવી જોઈએ ને!''

યમરાજે ઉત્તર આપ્યો, ''કાર્યનું મૂલ્યાંકન એની ઉપયોગીતા અને એમાં રહેલી ભાવનાને આધારે થાય છે. તમે મંદિરમાં દિવો મૂક્તા હતા જે મંદિર પહેલેથી જ પ્રકાશિત હતું. જ્યારે આ નિર્ધન વ્યક્તિએ એવે સ્થળે દીવો મૂક્યો કે જ્યાં અંધારું હતું. તમે પોતાનો વિચાર કર્યો જ્યારે એ નિર્ધન વ્યક્તિએ બીજાને ઉપયોગી થવાનો વિચાર કર્યો માટે, તમને અને ગરીબને એ પ્રમાણે સુવિધા આપવામાં આવી છે.''

**- કુમારપાળ દેસાઈ**

## જર્મનીઓનો બાળવ્યવહાર

મારા પતિ સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં કામ કરે છે, તેમની સાથે કામ કરતા એક ઑફિસર થોડા સમય પહેલાં જર્મની ફરવા ગયેલા એ વખતે તેમણે અનુભવેલો પ્રસંગ એમના જ શબ્દોમાં :

''જર્મનીમાં ફરવા જવા માટે અમારા ટૂર-આયોજક તરફથી સુંદર બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. હોટલ ઉપરથી નિયત સમયે જ અમારી બસ 'સાઈટસીન' માટે જવા રવાના થઈ. શહેરથી થોડેક દૂર અમારી બસ પહોંચી હશે કે ડ્રાઈવરે એના આસિસ્ટન્ટ-(કન્ડક્ટર) ને જર્મન ભાષામાં કાંઈક કહ્યું, આ આસિસ્ટન્ટ તરત જ એની સીટ ઉપરથી ઊભો થઈ ગયો. બસ મુખ્ય રસ્તાની એક બાજુ પાર્ક કરી ડ્રાઈવર તથા કન્ડક્ટર દોડતા દોડતા નાના બાળકોના ટોળા તરફ જઈ રહ્યા હતા. પરિસ્થિતિ સમજતાં અમને વધુ સમય ના લાગ્યો.

શહેરથી દૂર આવેલી એક સ્કૂલનાં નાનાં નાનાં બાળકો એમનાં વર્ગશિક્ષિકાની મદદથી રસ્તો ક્રૉસ કરી સામેના બગીચા તરફ જઈ રહ્યાં હતાં. બે શિક્ષિકા અને નાનકડાં ભૂલકાંઓની વણજાર. અમારા બસ ડ્રાઈવર તથા તેના માણસોએ બાજી સંભાળી લીધી. શિક્ષિકાઓની સાથે સાથે આ બંને જણા બાળકોને વહાલથી, જતનથી ઉષ્માભર્યા સંબોધનોથી રસ્તો ક્રૉસ કરાવવા લાગી ગયા. બસમાં બેઠેલા અમે બધા જ યાત્રીઓ કુતૂહલપૂર્વક આ નયનરમ્ય દ્રશ્ય માણી રહ્યા હતા!

ત્યાંથી પસાર થતાં અન્ય વાહનો પણ રસ્તાની એક બાજુ પાર્ક થતાં ગયાં! ઘણા લોકો પોતપોતાના વાહનોમાંથી બહાર નીકળી આ બાળકોની મદદે આવતા ગયા. જ્યાં સુધી બધાં બાળકો રસ્તો ઓળંગી સામેના બગીચા સુધી પહોંચ્યાં નહીં ત્યાં સુધી લાઈનબંધ, શિસ્તબદ્ધ વાહનો હાથ બતાવતાં ઊભાં જ રહ્યાં. શિક્ષિકાબહેને આભાર સાથે હાથ ઊંચા કર્યા, સાથોસાથ - ટાબરિયાંઓના હાથ હવામાં આભારવશ ઝૂલતા રહ્યા, એ પછી જ દરેકે પોતપોતાનું વાહન આગળ ધપાવ્યું.

જર્મન બસ ડ્રાઈવરને અમે આ અંગે પૂછ્યું પણ ખરું, ત્યારે એનો જવાબ હૃદયમાં ઊતરી ગયો.

''અમારાં બાળકો માટે અમારો આ વ્યવહાર છે. એ રસ્તા વચ્ચે ઊભું હોય તો અમે કેવી રીતે દોડી શકીએ?''

પોતાંના દેશનાં નાનાં ભૂલકાંઓ માટે આવી અપાર લાગણી જોઈ જર્મનીઓ માટે માથું ભાવથી ઝૂકી ગયું.

**હેમાંગિની ત્રિવેદી, સૌ.અખંડ આનંદ**

## ખિસકોલી

એક ખિસકોલી રોજ પોતાના કામ પર સમયસર આવતી હતી અને પુરી મહેનત અને ઈમાનદારીથી કામ કરતી હતી. ખિસકોલી જરૂરતથી વધારે કામ કરીને પણ ખુબ ખુશ હતી. કેમ કે તેનો માલિક, જંગલનો રાજા સિંહે તેને દસ બોરી 'અખરોટ' આપવાનો વાયદો કરી રાખ્યો હતો.

ખિસકોલી કામ કરતાં કરતાં થાકી જતી હતી તો મનમાં વિચાર આવી જતો કે લાવ, થોડો આરામ કરી લઉં, તરત જ યાદ આવી જતું કે સિંહ તેને દસ બોરી અખરોટ દેવાનો છે. તે પાછી કામ પર લાગી જતી! તે જ્યારે બીજી ખિસકોલીઓને રમતા જોતી તો તેને પણ રમવાનું મન થઈ આવતું, પણ અખરોટ યાદ આવી જતાં અને પાછી કામ પર.....!

એવું નહોતું કે સિંહ તેને અખરોટ દેવા નથી માંગતો, સિંહ બહુ ઈમાનદાર હતો.

આમ જ સમય વિતતો રહ્યો. એક દિવસ એવો આવ્યો કે સિંહ રાજાએ ખિસકોલી ને દસ બોરી અખરોટ આપી આઝાદ કરી દિધી. પણ ખિસકોલી અખરોટની પાસે બેસી વિચાર કરવા લાગી કે હવે અખરોટ મારે શું કામના?

આખી જિંદગી કામ કરતાં કરતાં દાંત તો ઘસાઈ ગયા, આને ખાઈશ કઈ રીતે!!!

આ વાત આજ જીવનની હકીકત બની ગઈ છે! મનુષ્ય પોતાની ઈચ્છાઓનો ત્યાગ કરે છે, પુરી જિંદગી નોકરી, વ્યાપાર અને ધન કમાવામાં વિતાવી દે છે! ૬૦ વરસની ઉંમરે જ્યારે તે સેવાનિવૃત્ત થાય છે, તો તેને ફંડ મલે છે, અથવા તો બેંક બેલેંસ હોય તેને ભોગવવાની ક્ષમતા ખોઈ ચૂક્યો હોય છે.

ત્યાં સુધીમાં જનરેશન બદલાઈ ગઈ હોય છે. કુટુંબ ચલાવવાવાળી નવી પેઢી આવી ગઈ હોય છે.

''શું આ નવી પેઢી ને તે વાતનો અંદાજ આવી શકે કે આ ફંડ, બેંક બેલેંસના માટે કેટલી બધી ઈચ્છાઓ મારવી પડી હશે? કેટલાં સ્વપ્ના અધૂરા રહ્યા હશે?''

''શું ફાયદો એવી બેંક બેલેંસનો, જે મેળવવા માટે પુરી જિંદગી લાગી જાય અને મનુષ્ય તેને પોતાના માટે ભોગવી ના શકે!!!''આ ધરતી પર કોઈ એવો અમીર હજી સુધી પેદા થયો નથી જે સમયને ખરીદી શકે!

''એટલાં માટે હર પળે ખુશ થઈ જીવો, વ્યસ્ત રહો, પણ સાથે 'મસ્ત' રહો, સદા સ્વસ્થ રહો.''

''BUSY પણ અને BE-EASY પણ રહો''

**- ઈન્ટરનેટ પરથી, પ્રે. શાંતિલાલ ગડા**

## રચનાત્મક ગૌસેવા

આપણી સંસ્કૃતિના મૂલાધાર દેશી ગૌવંશને, આજના બદલાતા સમયમાં ફક્ત ગૌશાળા અને પાંજરાપોળોથી બચાવવું મુશ્કેલ છે. ગામે ગામ લોકો અને ખાસ કરીને ખેડૂતભાઈઓ દ્વારા ગોપાલન કરાય તો તે ગૌશાળા કે પાંજરાપોળ કરતા અડધાથી પણ ઓછા ખર્ચ શક્ય છે તથા ગોપાલન સાથે સજીવ ખેતી કરી ખેડૂત પોતાના પરિવારને શારિરીક અને માનસિક તંદુરસ્ત રાખી શકે. આ ભાવના સાથે દરેક ગૌપ્રેમી વ્યક્તિઓએ અને સંસ્થાઓએ રચનાત્મક ગૌસેવાનો ૯ મુદાનો આ કાર્યક્રમનું આયેજન કરવું ઘટે.

૧) દેશી ગૌવંશ આધારિત સજીવખેતી દ્વારા ઉત્પાદીત અનાજ, શાકભાજી, કઠોળ વિગેરે ઉત્પાદનો, તેમજ દંતમંજન, સાબુ, ધુપબતી, ફિનાઈલ વિ. ગૌપ્રોડક્સ આપણે વાપરવાનો આગ્રહ રાખીએ અને લોકો વાપરતા થાય તે માટે પ્રયત્નો કરીએ. આ ઉત્પાદનો વ્યાજબી ભાવે સહેલાઈથી મળી રહે તેવું આયોજન કરવું તેમજ ઉત્પાદકને પ્રોત્સાહન મળે તેવા ભાવથી ખરીદવાનો આપણે અભિગમ અપનાવીએ.

૨) ગામે-ગામની ગૌચર જમીનમાં ઘાસ ઉગાડવાના પ્રયત્નો કરવા.

૩) ગામે-ગામ ગૌમાતાની જાતના જાતવાન નંદિદેવનું આયોજન કરવું.

૪) ગામે-ગામ ગૌવંશને પાણી સરળતાથી મળી રહે તે માટે નદી-તળાવનું આયોજન કરવું.

૫) ગૌપાલકોને ઘાસચારો, ખાણ-દાણ રાહત દરે સહેલાઈથી મળી રહે તેવું આયોજન કરવું.

૬) ગામે-ગામ ગૌવંશને વૈદકિય અથવા ડોકટરોની સારવાર ટોકન દરે સહેલાઈથી મળી રહે તેવું આયોજન કરવું તેમજ સરકારી પશુ દવાખાનામાં મળતી સારવારથી લોકોને વાકેફ કરવા.

૭) ગામે-ગામ ધણપદ્ધતિ અથવા સામુહિક ગૌપાલનનું આયોજન કરવું.

૮) ગાય અને ગૌવંશ સાથે વધુમાં વધુ લોકોને જોડવા માટે વધુમાં વધુ પ્રયત્નો કરવા.

૯) તમારી કમાણીનો એક ચોક્કસ હિસ્સો દરેક મહિને Regularly ગૌસેવાના કાર્યમાં વાપરો.

**- યોગેશભાઈ માણેક, શ્રી ગૌસેવા મિત્ર મંડળ મુંબઈ મંચ, મુંબઈ-૬૭, મો.નં.૦૯૩૨૧૭૮૯૨૯૧**

## જસ્ટ, એક મિનિટ...

આજુબાજુનાં બે મકાનમાંથી એકમાં એક નિવૃત્ત વ્યક્તિનું કુટુંબ રહે ને બીજામાં એક વેપારીનો પરિવાર રહે. બન્નેને ફૂલ-ઝાડ ઉગાડવાનો શોખ આથી કમ્પાઉન્ડમાં એમણે છોડ ઉગાડેલા. વેપારી છોડને ખૂબ પાણી આપે ને બહુ કાળજી લે. નિવૃત્ત વ્યક્તિ ઓછું પાણી આપે ને કાળજી પણ પ્રમાણમાં ઓછી લે. વેપારીના છોડ લીલા ને ભરાવદાર દેખાય. નિવૃત્તના છોડ સાધારણ, પણ સરસ દેખાય. એક રાતે વાવઝોડું આવતાં વેપારીના છોડ મૂળમાંથી ઊખડી ગયા ને નિવૃત્ત વ્યક્તિના છોડ બચી ગયા. આ જોઈને વેપારીને ખૂબ નવાઈ લાગી. એમણે પેલા નિવૃત્તને કારણ પૂછયું. નિવૃત્ત કહે: 'તમે છોડને બધું જ આપ્યું. પુષ્કળ પાણી, ખૂબ કાળજી આથી છોડને પોતાની રીતે કશું જ મેળવવાની જરૂર ન પડી. મેં છોડને થોડું પાણી આપ્યું, એને થોડું નીચે જમીનમાંથી જાતે પાણી લેવા મહેનત કરવા છોડી દીધા આથી મારા છોડનાં મૂળ જમીનમાં એકદમ ઊંડે સુધી ગયાં હોવાથી વાવાઝોડા સામે ટકી ગયા ને તમારા છોડે એવી કશી મહેનત કરી ન હોવાથી ઊંડા નહોતા ને એથી ઊખડી ગયા.' આ વાત બાળઉછેર સાથે એકદમ લાગુ પડે છે. મા-બાપ તરફથી બાળકને લાડ-પ્યાર મળે એ જરૂરી છે, પરંતુ એના અતિરેકથી બાળકનો વિકાસ રૂંધાઈ જાય છે ને કપરી પરિસ્થિતિ સામે ઝીંક ઝીલી સાંગોપાંગ બહાર આવવાની એની વૃત્તિ ખીલતી નથી. ટૂંકમાં, લાડ લડાવવા ઉપરાંત બાળક ખુદ આત્મનિર્ભર બને એનો મા-બાપે ખ્યાલ રાખવો રહ્યો. **- રાજુ અંધારિયા,**

''મિત્રના પુત્રના લગ્નના રિસેપ્શનમાં જવાનું થયું. સ્ટેજ ઉપર ઉભેલા નવયુગલને આશીર્વાદ આપીને નીચે ઉતરી રહી હતી. ત્યાંજ મિત્રે બૂમ પાડીને પાછી બોલાવી અને કહ્યું કે, 'દ્રષ્ટાંત સાથે સલાહ આપવાની તમારી સ્ટાઈલ સાથે નવદંપતિને આશિર્વાદની સાથે સરસ શિખામણ આપતાં જાવ'. ત્યારે મેં પર્સમાંથી રૂા.૧૦૦ની નોટ કાઢી યુવકના હાથમાં આપી અને કહ્યું કે ડૂચો વાળીને ફેંકી દે... યુવકે ખચકાઈને કહ્યું કે, આવી સલાહ ?! પૈસાને આપણે લક્ષ્મી ગણીએ છીએ ને. ત્યારે મેં જસ્ટ એટલું કહ્યું કે, જો કાગળની લક્ષ્મીનું આટલું માન જાળવતો હોય તો આજથી તારી બાજુમાં ખભેખભો મિલાવીને આખી જિંદગી સુખ-દુ:ખમાં સાથ આપવા તૈયાર ગૃહલક્ષ્મીનું કેટલું માન જાળવવું તે જાતે નક્કી કરી લેજે..! **કાજલ ઓઝા વૈદ્યની સોનેરી સલાહ...**

## વિમલ સંસ્મરણો

મારા જીવન વિશે કોઈને કહેતી નથી કારણ કે હું કોઈના પર પ્રભાવ પાડવા ઈચ્છતી નથી. મારા જીવનની કોઈ પર છાયા પડે અને મનુષ્ય વ્યક્તિપૂજામાં સરી પડે તો અમને એ આક્રમકતા લાગે છે. હું અતિ સામાન્ય માનવી તરીકે જીવવા માંગુ છું. કોઈપણ ભોગે હું મારી સામાન્યતાને અલગ કરવા માંગતી નથી. નિર્દોષ પંખી પોતાનું ગાન ગાઈને વિદાય થાય, એ આકાશમાં પોતાના પદ્‌ચિહ્‌ન છોડતું નથી. એવી જ રીતે અમે અમારું ગાનગાઈને વિદાય થઈશું કોઈ સંસ્થા, કોઈ આશ્રમના ચિહ્‌ન છોડવા માગતા નથી. પક્ષીને કોઈ ગીત સાંભળે કે ન સાંભળે એની પરવા નથી. તેને તો પોતાના ગીતમાં જ પરિતૃપ્તિ - કૃતાર્થતા જણાય છે. અમારું ગાન પણ એવું જ છે. **('વિમલ સંસ્મરણો' માંથી) વિમલા ઠકાર**

*** * * ***

વિમલાજી સમાજ સેવા (સોશ્યલ સર્વિસ) અને સામાજિક કર્મ (સોશ્યલ એક્શન) નો તફાવત સ્પષ્ટ કરતાં જણાવતાં, ''તમે તરસ્યાને પાણી આપ્યું, ભૂખ્યાને ભોજન આપ્યું, નગ્નને વસ્ત્ર આપ્યાં, બિમારને ચિકિત્સાની વ્યવસ્થા કરી એ થઈ સામાજિક સેવા. પરંતુ કોઈ ભૂખ્યું જ ન રહે, કોઈ નિરક્ષર ન રહે, બિમારીનો શિકાર ન બને, બેકાર ન રહે એને માટે જે વ્યવસ્થા પરિવર્તનના કામો થાય તે છે સામાજિક કર્મ. એ ક્રાંતિકારી કર્મ છે. આજે આ દેશમાં એવા સામાજિક કર્મની આવશ્યકતા છે જે માનસપરિવર્તન કરી શકે. હું સેવા ન કરવી એમ નથી કહેતી, પરંતુ એટલું પર્યાપ્ત નથી.''

## એક જરૂરી સૂચના

ગૌરક્ષાપાત્રના આદર્શ અને ધ્યેયને અનુરૂપ આપના મૌલિક લખાણ સહસંપાદક શ્રી શાંતિલાલ ગડા, એ-૧૦૨, રાહુલ એપાર્ટમેન્ટસ, ૫૧, એસ.વી.રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૮ ના સરનામે ડાયરેક્ટલી મોકલી શકો છો. લખાણ ટૂંકુ, સરળ ભાષામાં અને સુવાચ્ય અક્ષરોમાં લખાયેલુ હોવું જોઈએ. સાથે આપનુ નામ, પુરુ સરનામુ, ગ્રાહક નંબર અને મોબાઈલ ફોન નંબર (ખાસ કરીને What's App નંબર) જરૂરથી મોકલશો.

ગોરક્ષાપાત્રના લવાજમ પેટે અથવા યોગદાન સ્વરૂપે ચેક, મ.ઓ. એ-સંબધી પત્રવ્યવહારનું સરનામું સંપાદક શ્રી રમેશભાઈ દોશી, બી-૬૦૧, નંદનવન કો.ઓપ. હાઉસીંગ સોસાયટી, દશા શ્રીમાળી નગર, નરસીંગ લેન, માલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪, **યથાવત** રહેશે. બેંકમાં રકમ ભર્યા પછી SMS કે પત્રથી જાણ કરવી જરૂરી છે. - **લિ. શ્રી શાંતીલાલ ગડા, સહ સંપાદક**

## વરિષ્ઠ વૈષ્ણવજન

સિનિયર સિટિઝન તો તેને કહીએ, પીડ પરાઈ જાણે રે,
હળી મળીને રહે એ ઘરમાં, પોતાની વાત નહી તાણે રે...
હવે રહ્યાં છે થોડાં વર્ષો એ હકીકત બરાબર જાણે રે,
પૈસો પૈસો નહીં કરે અને જીવનને મોંજથી માણે રે...
હું પણું રાખી કરે નહીં એ, હવે તો વળતાં પાણી રે,
અભિમાનને નેવે મૂકે, નમ્રતા હોય એના પ્રાણે રે...
સકળ લોકમાં સહુને વંદે, વંદન હોય એનું હસતું રે,
નહીં કોઈનું અપમાન કરે એ, નહીં કોઈને નાણે રે...
મોહ, માયાને છોડી દઈને ત્યાગ હોય એના મનમાં રે,
દુખિયાના દુઃખો અને વ્યથા કથાને એ જાણે રે...
કોઈના કામમાં માથું નહી મારે, નિંદા નહીં કરે કેની રે,
વટનો કટકો થઈ ફરે નહીં, હવે વટ ચઢી ગયો વહાણે રે.
સિનિયર સિટિઝન તો એને રે કહીએ, ચટકો નહીં જીભે રે,
શેષ જીવનને જાણી ઉજાણી, નહીં કોઈ પર ખીજે રે...

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. હસમુખભાઈ મહેતા | અમદાવાદ | ૨૦૦/- |
| ૨. નયનાબેન એમ. શાહ | અમદાવાદ | ૨૦૦/- |
| ૩. રમેશભાઈ ગાલા | દહિસર | ૧૦૦૦/- |
| ૪. શેઠ કે.બી. વકીલ વિ.વિદ્યાલય | રાધનપુર | ૧૦૦/- |
| ૫. જયંતીલાલ એચ. સોનેથા | મુંબઈ | ૧૦૦/- |
| ૬. નામ મોકલેલ નથી | ગાંધીનગર | ૫૦૦/- |
| ૭. મનીષ ગડા | ઘાટકોપર | ૧૦૦/- |
| ૮. દર્શના પુરોહિત | ઘાટકોપર | ૧૦૦/- |
| ૯. સેવા રૂરલ લાયબ્રેરી | ઝઘડીયા | ૫૦૦/- |

## લવાજમ

**એપ્રિલ ૨૦૧૮ થી લવાજમ Online ભરવા માટેની બેન્ક અને ખાતા નંબર બદલાયા છે તેની નોંધ લેવા વિનંતિ.**

**ખાતાનું નામ: ગોરક્ષા પાત્ર, બેંક: યુનાઈટેડ બેંક ઓફ ઈંડીયા, મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪.**
**ખાતા નંબર 0732050014535 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC : UTBI0MLD625**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

## ''ડોંગરેજી મહારાજ''

ડોંગરેજી મહારાજના, જીવનનો એક કિસ્સો, જાણવા જેવો છે.

એક કેન્સર હૉસ્પિટલ માટે ફંડ ઊભું કરવા ડોંગરેજી મહારાજની કથા મુંબઈમાં યોજાઈ હતી. દાયકાઓ અગાઉ યોજાયેલી એ કથા થકી આશરે દોઢ કરોડ રૂપિયા જેટલી રકમ કૅન્સર હૉસ્પિટલ માટે એકઠી થઈ ગઈ હતી.

એ કથાના છેલ્લા દિવસે ડોંગરેજી મહારાજ કથા સંભળાવી રહ્યા હતા ત્યારે તેમના કોઈ સ્નેહી ગંભીર ચહેરે તેમની પાસે ગયા. તેમણે ડોંગરેજી મહારાજને કાનમાં કહ્યું તમારા પત્ની મૃત્યુ પામ્યા છે.

એ આઘાતજનક સમાચાર સાંભળ્યા પછી બીજી જ ક્ષણે ડોંગરેજીએ સ્વસ્થતા મેળવી લીધી અને દુ:ખદ સમાચાર લઈને આવેલા સ્નેહીને જવાબ આપીને કથા ફરી શરૂ કરી દીધી! તેમણે એ દિવસે કથા પૂરી કરી. ત્યારે કથાના આયોજકોને ખબર પડી કે ડોંગરેજીના પત્ની મૃત્યુ પામ્યા છે. આવી પરિસ્થિતિમાં પણ ડોંગરેજીએ કથા યથાવત્ ચાલુ રાખી એને કારણે તેઓ ગદ્ગદ્ થઈ ગયા.

એ પછી ડોંગરેજી મહારાજે પત્નીના દેહાંત પછીની વિધિઓ હાથ ધરી. તેઓ થોડા દિવસ પછી પત્નીના અસ્થિ લઈને ગોદાવરી નદીમાં અસ્થિ વિસર્જન માટે નાશિક ગયા.

એ વખતે અસ્થિ વિસર્જનની વિધિ કરનારા બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે તેમની પાસે પૈસા નહોતા.

જે સ્નેહીએ તેમને તેમના પત્નીના મૃત્યુના સમાચાર આપ્યા હતા એ તેમની સાથે હતા.

''ડોંગરેજી મહારાજે તેમને પોતાના પત્નીનું મંગળસૂત્ર આપીને કહ્યું કે આ વેચીને પૈસા લઈ આવો. બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે મારી પાસે કંઈ નથી.''

પેલા સ્નેહી સ્તબ્ધ થઈ ગયા. તેમની આંખો છલકાઈ ગઈ.

''જે માણસે થોડા દિવસો અગાઉ કૅન્સર હૉસ્પિટલ માટે પોતાની કથા થકી દોઢ કરોડનું ફંડ એકઠું કરી આપ્યું હતું. તેની પાસે મામૂલી રકમ પણ નહોતી!''

ઘણા ફાઈવસ્ટાર બાબાઓ, બાપુઓ, સ્વામીઓ અને મહારાજો કરોડો અબજો રૂપિયામાં આળોટતા હોય છે તેમની બોચી ઝાલીને નિત્ય પ્રાત:કાળે આવા કિસ્સાઓનું પઠન કરવાની તેમને ફરજ પાડવી જોઈએ.

**- (ઈન્ટરનેટ પરથી) પ્રે. શાંતિલાલ ગડા.**

**જે જે પરિસ્થિતિ મળતી રહે છે, તે તે માનવીના અભ્યુદય કાજે પુરેપુરી શક્યતાથી ભરપુર હોય છે. કશાથી ભાગી છુટવાની જરૂર નથી. પરિસ્થિતિ અને પ્રસંગો તો આવશે અને જશે, પરંતુ આપણે કેવા રહીએ છીએ અને કેવી રીતે જીવીએ છીએ એના ઉપર આપણા જીવનવિકાસનો પૂરો આધાર રહેલો છે. - પૂજ્ય શ્રીમોટા,**
**જીવન પ્રેરણા. પૃ-૭૪/૭૫ આ-૪**

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ : શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરૂ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2018**



ગોરક્ષા પાત્ર
गाय बैल बचेंगे
देश बचेगा

To,